**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦


- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૪૭૧૨૩૦**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : ૨૨૦૬૫૫૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.


- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**


# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| વદનં પ્રસાદસદનમ્ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| Maa Sarveshwari as I view Her Spiritually | Hemali Patel | ૧૧ |
| મા સર્વેશ્વરીનું આધ્યાત્મિક દર્શન– મારી નજરે | તંત્રી | ૧૮ |
| My experience of Eye–camp | Ujval Patel | ૨૪ |
| નેત્રયજ્ઞનો મારો અનુભવ | તંત્રી | ૨૮ |
| Gift to Children–Gift to God | Savan Bhakta | ૩૨ |
| બાળકોને ભેટ–એ ભગવાનને ભેટ | તંત્રી | ૩૫ |
| My vision of Extreme poverty of India | Roshni Patel | ૩૮ |
| ભારતની અતિ ગરીબાઈનું મારું દર્શન | તંત્રી | ૪૩ |
| My service at Medical camp | Gopi Rama | ૪૮ |
| મેડિકલ કેમ્પમાં મારી સેવા | તંત્રી | ૫૦ |
| Swargarohan–an eye opener in my Life | Bindiya Bhakta | ૫૨ |
| સ્વર્ગારોહણ–મારા જીવનની આંખ ઉઘાડનાર | તંત્રી | ૫૬ |
| પોયણું પાંગર્યું | મા સર્વેશ્વરી | ૬૦ |

# વદનં પ્રસાદસદનમ્

શ્રી યોગેશ્વરજી

કેટલું સરસ વાક્ય છે? કોઇક પાવન પળે, ધન્ય ક્ષણે, કોઇક સ્વાનુભવસંપન્ન સત્પુરુષદ્વારા એનું સર્જન થયું છે. વદન કેવું છે તો કહે છે કે પ્રસાદનું સદન.

પ્રસાદ એટલે પ્રસન્નતા. જેનું મુખમંડળ સદાય પ્રસન્ન કે પુલકિત હોય છે તે ધન્ય બને છે ને ધન્ય કરે છે. તે જ્યાં વસે છે તે જ્યાં વિચરે છે ત્યાં ઉત્સવ કરે છે. ઘરમાં ને ઘરની બહાર આનંદ અનુભવે છે અને આનંદ અર્પે છે.

પ્રસાદનો અર્થ પરમાત્માની કૃપા પણ લઇ શકાય. પરમાત્માની કૃપા જેના ઉપર વરસે છે તેના અંતરમાં પ્રસન્નતા પ્રકટે છે, અને એ પ્રસન્નતાનું પ્રતિબિંબ વદન પર, વાણીમાં, રોમરોમમાં અને અંગપ્રત્યંગમાં પડે છે.

જીવનમાં આજે પ્રસન્નતા ઘટી ગઇ છે. માનવ પ્રસન્ન દેખાવાનો પ્રયત્ન કરે છે, એવા કીમિયા કરતો દેખાય છે, તો પણ સાચી સ્વાભાવિક પ્રસન્નતા કોઇક બડભાગીને જ પ્રાપ્ત થાય છે. એ સૌ કોઇના જીવનમાં નથી હોતી.

પ્રસન્નતાથી પુલકિત માનવને મળવાનું ગમે છે. એની સાથે ફરવાનું અને વ્યવહારમાં ઉતરવાનું પસંદ પડે છે. એ અન્યનાં દુઃખોને હળવાં કરે છે. અન્યને માટે આશ્વાસનરૂપ બને છે. એવા માનવને કષ્ટો, વિરોધો, વિઘ્નો ચલાયમાન નથી કરી શકતાં. જીવનની વિષમતાઓની વચ્ચે એ સુખદ શાન્ત સ્મિત કરી શકે છે. એનો જીવનપ્રવાસ હળવો બને છે.



એવા માનવનું વદન પ્રસાદનું—પ્રસન્નતાનું સદન હોય છે. એમાંથી પ્રસન્નતાનો પ્રાદુર્ભાવ થાય છે. એવું જીવન કેટલું બધું ઉત્તમ લાગે? એવી પ્રસન્નતા કોઇક બડભાગીને જ મળે છે.

એક વેપારીભાઇ કહેતા કે હું સદા પ્રસન્ન રહું છું. મારા જેવો પ્રસન્ન માનવ બીજો કોઇ નથી. પરંતુ એ પ્રસન્નતા કેટલી બધી અસ્થાયી હતી તેની ખબર એમને થોડી વારમાં જ પડી ગઇ. વેપારમાં મોટી ખોટ જવાથી એમનું જીવન નીરસ બન્યું, એ શોકમગ્ન બની ગયા અને આત્મઘાત કરવા તૈયાર થયા. એમને જીવનનો ત્યાગ ના કરવા માટે પુષ્કળ સમજાવવા પડ્યા. બીજા એક ભાઇ લગ્ન પ્રસંગે ખૂબ જ સુખી દેખાયા અને પ્રસન્નતાથી પુલકિત બનીને ફરવા લાગ્યા. સમસ્ત સંસારમાં સૌથી વધારે સુખી એ જ હોય એવું લાગવા માંડ્યું. પરંતુ લગ્ન પછી થોડેક દિવસે એમની પત્નીનો સ્વર્ગવાસ થતાં એમની પ્રસન્નતા ટળી ગઇ. એ અતિશય શોકમગ્ન બની ગયા.

સાનુકૂળ સંજોગોમાં તો પ્રસન્ન રહી શકાય છે. પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રસન્નતાથી પુલકિત બનવાનું છે. એવી કળામાં કુશળ થવાનું છે. તમારા મુખમંડળ પરનું સ્મિત એક મહાન મૂડી છે, એને સૂકાવા ન દેતા. અને સદાય સાચવી રાખજો. એનું સંવર્ધન કરજો.

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૮ એપ્રિલ—૨૦૦૭ અંક ૭

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૩—૧૨—૮૧ બુધવાર, માગસર વદ બારસ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટાએના, કેલીફોર્નિયા, અમેરિકા.**

સવારે પૂ. શ્રીએ સ્નાન કરી લીધું. કપડાં ધોવાનાં હોય તે પણ ગડી વાળીને ધોવા પૂ. શ્રી મૂકી દે છે. વ્યાયામ કરી લીધો. લેખનકાર્ય શરૂ થઈ ગયું. વચ્ચે વળી દૂધ પીવાનું બન્યું. પોણા બાર વાગ્યે પૂ. શ્રી યજમાન પરિવારના સ્થાનમાં આવે છે.

બે દિવસથી શ્રી ભગવાનજીભાઈ ફોટા લેવા ઈચ્છે છે. એમ તો અત્યાર સુધી ૧૦૦ જેટલા ફોટા પાડ્યા હશે! છતાં ગમે તેવા ન હોવાથી આજે ફરી ફોટા લેવાનું ઈચ્છે છે. જેથી આજે લગભગ એક કલાક ફોટા પડાવવા પાછળ તે ભાઈ ગાળે છે. ઘરમાં, બહાર, સમૂહમાં વગેરે જુદાં જુદા પોઝ લેવાનું કામ આજે પૂરું કરે છે. ત્યાર પછી ચર્ચા શરૂ થાય છે. શ્રીકંચનબેન પ્રશ્ન પૂછે છેઃ—



પ્રશ્ન : ઉંઘમાં કેમ મન જલ્દી શાંત થઈ જાય ને ધ્યાનમાં કેમ મન સ્થિર નથી થતું?

પૂ. શ્રી : કેટલાકનું ઉંઘમાં પણ નથી થતું. સ્વપ્નાંઓ ચાલ્યાં કરે છે. ઉંઘ તો તમે ખૂબ થાકી ગયા હો એટલે ઘસઘસાટ ઉંઘ આવી જાય. એ રીતે જ્યારે સંસારનો થાક લાગે, વિષયોનું ચિંતન ઘટી જાય ત્યારે મન સ્થિર થઈ જાય. આપણને સંસારનો થાક લાગતો જ નથી! પરિણામે ધ્યાનમાં ચિત્ત રહેતું નથી. આપણને શ્રીમદ્ રાજચંદ્રની જેમ નથી થતું. અપૂર્વ અવસર એવા ક્યારે આવશે? ધ્યાનમાં બેસો ત્યારે મનને શાંત પાડો. જાણે ઉંઘવા જ બેઠા છો એમ માની મનને પ્રભુમાં બેસાડો.

પ્રશ્ન : સંત પુરુષને પ્રગટ પ્રભુ માને તો તો તેને કોઈ સાધના જ ન રહે ને?

પૂ. શ્રી : પ્રગટ પ્રભુ માનવું એ બુદ્ધિથી માનવું એ એક વાત છે, હૃદયથી માનવું એ બીજી જ વાત છે. ને બુદ્ધિ ને હૃદયથી માનવું એ વળી અનુભૂતિની ત્રીજી જ વાત છે.

હૃદય ને બુદ્ધિથી માનવા લાગે તો તેનામાં જ અતૂટ વિશ્વાસ. તેને જ પ્રગટ પ્રભુ માને, તેનું જ કહ્યું માને, તેનું જ ધ્યાન ને તેનું જ સાંનિધ્ય માગે. ગોપીઓ માનતી કૃષ્ણ જ ભગવાન. તો એમને માટે નિર્ગુણની ઉપાસના માટે કોઈ સાધનની જરૂર જ ન રહી. એ કહે છે કે અમે તો હાલતાં ચાલતાં કૃષ્ણને જ સતત સ્મરીએ છીએ. એ જ પ્રગટ પ્રભુ છે. એ પ્રભુએ જ અમારું મન કબજે લીધું છે તો અમે હવે કયા મનથી નિર્ગુણનું ધ્યાન કરીએ? એક ઘરમાં બે ભાડુત કેવી રીતે રહે?

એટલે જે મન, બુદ્ધિ, અનુભૂતિથી ન માને તેને શંકાઓ

રહે. જો મન, બુદ્ધિ, હૃદયથી પ્રગટ પ્રભુ માનવા માંડે તો પછી બાકી જ શું રહે? પણ એ ભૂમિકા આવવી ખૂબ અઘરી છે.

વળી બીજા બે–ત્રણ પ્રશ્નો ચર્ચાય છે.

૧. ટેકો દઈને ધ્યાન થાય?

૨. આપને થયેલું જગદંબાનું દર્શન તેમાં તેમનું સ્વરૂપ કેવું હતું?

૩. ઘણા સંતો આગળ ભગવાન શબ્દ કેમ આવે છે?

આજે વળી છેલ્લા પ્રશ્નોમાંથી રાજકારણની વાતો પણ નીકળી. સમય થતાં ભોજન લેવાનું બને છે. આજે પૂ. શ્રી માટે ખીચડી, શાક, કઢી બનાવવામાં આવે છે. પૂ. શ્રી ખીચડી ને દૂધ જ લે છે. ભોજન બાદ આરામ.

સાંજે પૂ. શ્રી નિયમિત લેખનકાર્ય કરે છે. ધ્યાનની બેઠક આજે નથી. શ્રી ધીરુભાઈ દેસાઈ નામના એક સત્સંગી ભાઈ પૂ. શ્રીને ઘડિયાળ આપવાની ઈચ્છા વ્યક્ત કરે છે. પૂ. શ્રીએ ના પાડી, છતાં તે ભાઈનો આગ્રહ ને સેવાભાવ જોઈ આજે ઘડિયાળ જોવા જવાનું બને છે. ઘડિયાળ જોવા ગયા પણ પસંદ ન પડ્યાં. ત્યાંથી પ્રવચન સ્થળ–4610, West Imp. Hwy. Inglewood, CA દૂર હતું. પ્રવચન સ્થળે સમયસર પહોંચી ગયાં. આજે પૂ. શ્રીએ સંતના સંગ ઉપર વાર્તાલાપ આપ્યો. જેમાં નારેશ્વરના સંત શ્રીરંગ અવધૂતની વાત પણ કરી. અંતે સર્વેશ્વરીએ ભજન ગવડાવ્યું ને પૂ. શ્રીએ આજે ખાસ સર્વેશ્વરીની ભાવના માન્ય રાખી પોતે લખેલી રંગ અવધૂતની નવી આરતી ગવડાવી.

પ્રવચન પૂરું થતાં સૌ પ્રણામ કરી વિદાય થયા. પૂ. શ્રી પાસે યજમાન શ્રી કમુબેને હસ્તાક્ષર લીધા. એમની એ નાનકડી



ચોપડીમાં રંગઅવધૂત, મુક્તાનંદ, કૃષ્ણાનંદ વગેરે સૌના હસ્તાક્ષરો હતા. વિદાય વેળાએ શ્રી કમુબેને સર્વેશ્વરીને એક કવર આપ્યું. જેમાં પૈસા નથી તે સર્વેશ્વરી જોઈ લે છે. ફૂલ હશે એમ માની સર્વેશ્વરીએ રાખ્યું, કારણ તે બેનનો ખૂબ આગ્રહ હતો. તેમણે કહ્યું, ‘પૈસા નથી’ એટલે સર્વેશ્વરીને એમ સમજાયું કે કંઈક પ્રસાદ અથવા ફૂલ હશે.

પ્રવચન સ્થળે પૂ. શ્રીએ આરતી ગવડાવવા માંડી ત્યાં તો તે બેને તરત જ તૈયાર કરીને સાચે જ રંગ અવધૂતની આરતી ઉતારી. એમાં પાછળથી ભક્તોએ પૈસા મૂક્યા. જે રકમ પૂ. શ્રીને આપવાની વાત કરી. પૂ. શ્રીએ કહ્યું, ‘હું આરતીના પૈસા લેતો જ નથી. તમે સારા કામમાં નારેશ્વર મોકલી આપજો.’

વિદાય પહેલાં શ્રી કમુબેન તથા તેમના પતિએ કહ્યું, ‘અમને આજના પ્રવચનથી ખૂબ આનંદ થયો. બાપજીના પ્રસંગ સાંભળી મારી શ્રદ્ધાભક્તિ વધી. અમને એવા આશીર્વાદ આપો કે અમે પણ પ્રભુને માર્ગે આગળ વધીએ.’ એ સ્થળે શ્રી રંગ અવધૂતનો ૧૯૬૩ નો ઝાંબીયા પધારેલા ત્યારનો ફોટો પણ જોયો.

વિદાય લઈ મોટર ચાલી એટલે સર્વેશ્વરી પેલું કવર ઉઘાડે છે. ત્યાં તો તેમાં બે સોનાની કાનની બુટ્ટીઓ જોવા મળી! તરત જ શ્રી ભગવાનજીભાઈને કહ્યું, ‘ગાડી લઈ લો પાછી.’ એ બેનને આ ભેટ વસ્તુ પાછી આપી દેવાની છે. ગાડીએ વળાંક લીધો. તે બેન હજી બહાર જ ઉભાં હતાં. ત્યાં સર્વેશ્વરીએ ઉતરીને કવર આપતાં કહ્યું, ‘હું કોઈનું લેતી નથી. આ તમે પ્રસાદી રૂપે રાખો.’ તે બેને કહ્યું, ‘તમે મારાં ગુરુબેન છો એમ માની ખૂબ પ્રેમથી આપ્યું છે. રાખો.’ તો પણ સર્વેશ્વરી ના કહે

છે. તો તે બેન કહે છે, 'તમે કોઈ ભક્ત મંડળના તમારા ભક્તને તમારા તરફથી આપજો.' સર્વેશ્વરી કહે, 'ના એવું શા માટે? તમે જ રાખો.'

તે બેન છેવટે તે બુટ્ટીઓ ફરી સ્વીકારે છે. વિદાય લીધી. ઉતારા ઉપર આવી ગયાં. દૂધ લીધું. આરામ.

કમુબેનની ભાવના, શ્રદ્ધાભક્તિ વંદનીય હતી. પણ એમની આપેલી ભેટ વધુ પડતી હતી. જેથી તે ફરીથી આપી દેવાનું બને છે. વિદેશની ધરતી ઉપર કેવા કેવા શ્રદ્ધાળુ આત્માઓનાં દર્શન થાય છે! તે દર્શનથી આનંદ થાય છે. હરિઃ ૐ

**તા. ૨૪–૧૨–૮૧ ગુરુવાર, માગસર વદ તેરસ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટાએના, કેલીફોર્નિયા, અમેરિકા.**

આજે દરરોજ જેવો જ ક્રમ રહ્યો. ગઈ કાલે સાંજે પ્રવચન સ્થળે જતાં શ્રી ધીરુભાઈએ ઘણા પ્રશ્નો પૂછ્યા.

૧. ચોવીસ કલાક પ્રભુમાં અનુસંધાન કેવી રીતે જોડાય?

૨. આત્માનો અનુભવ પ્રથમ આપણામાં થાય કે બહાર થાય?

૩. તે અનુભવ આંખથી થાય, મનથી થાય કે હૃદયથી થાય?

૪. કોઈ પણ વ્યક્તિ ક્યાં સુધી શ્વાસ રોકી શકે?

૫. આત્મા સૌમાં એક છે તો સંત કઈ રીતે જુદા પડે?

આમાંની કેટલીક શંકા એમના મિત્રની હતી તે રજૂ કરી. સુંદર ચર્ચાઓ થઈ. આજે સવારે મુલાકાતમાં હૈદ્રાબાદના એક સૈયદ મળવા આવ્યા. પૂ. શ્રીએ તેમની સાથે હિન્દીમાં વાત કરી. એ વાત ખાસ નોંધને યોગ્ય ન હતી.



બપોરે ભોજન લીધું. દાળ, ભાત, શાક ને પૂડલા ભોજન-માં હતા. ભોજન બાદ આરામ કર્યો. સાંજે નિયમિત રીતે થતી ધ્યાનની બેઠકમાં સૌએ હાજરી આપી. ત્યાર પછી યજમાનની મોટી દીકરી જાગૃતિ આવતી કાલે પતિગૃહે જતી હોવાથી પૂ. શ્રીને પ્રણામ કરવા આવી. ત્યારે પૂ. શ્રીને તેમણે ભેટરૂપે બે કવરો આપ્યાં. જેમાં એક કવર ઉપર 'ગરીબ વિદ્યાર્થીઓ માટે' અને બીજા કવરની રકમ પૂ. શ્રી માટે હતી.

પૂ. શ્રીએ તે બેનને કહ્યું, 'હજી તો તમે નાનાં છો. તમારું ના લેવાય. ગરીબ વિદ્યાર્થીઓ માટે છે તે રાખું છું. આ બીજું કવર તમે તમારી પાસે રાખો.' તે બેને પૂ. શ્રી પાસેનું એક કવર લઈ લીધું.

ધ્યાનની બેઠક પછી પ્રવચન સ્થળે જવાનું હતું. આજનું પ્રવચન એક નવા જ રહેઠાણ વિસ્તારમાં હતું. ત્યાં પ્રવચન પછી આખુંયે સ્થાન પૂ. શ્રીને બતાવવામાં આવ્યું. ત્યાંથી સમયસર ઉતારા ઉપર આવી ગયાં. દૂધ, ચેવડો વગેરે લઈ આરામ કર્યો. હરિઃ ૐ (ક્રમશઃ)

# Maa Sarveshwari as I view Her Spiritually

**Hemali Patel**

Jai Krupalu Maa.

"From his childhood, Shri Yogeshwarji had a dream of providing stimulating religious reading material to the people of Gujarat. His dream began to take form during his student days when he published a hand written magazine for his fellow students. After the publication of numerous books and articles, his dream finally came true in 1979 with the inception of Gujarati monthly 'ADHYATMA.'" This article, with Maa's blessing, I have been able to write, and has been published because Maa is fulfilling Shri Yogeshwarji's dream to continually come true.

Sarveshwari Maa. An inspiration. A role model. Purity in the form of a human being. A miracle. The most energetic and enthusiastic person anyone could ever meet. A God. Simply perfection. She is everything Shri Yogeshwarji imagined her to be. A woman who is completely free from attachment as anyone can see through her constant willingness to give. Someone with complete



focus, someone who is always thinking of God, and someone who is constantly thanking God. Her simple nature, her beautiful smile, and her everlasting, heart–warming love attract people of all ages, religions, and ethnic backgrounds. For the past 10 years, she has taken a vow of silence; and for the past 23 years, she has been fasting on a small piece of fruit and a sip of water every 2 days. She began this rigorous fast on March 18, 1984, the day Shri Yogeshwarji, Maa's guru, passed away. If this fast was examined through a medical perspective, it would clearly be impossible. Through faith and Sarveshwari Maa as living proof, one can see anything is possible. When Maa started this fast, many of her close devotees urged Maa to re–evaluabte her decision. Maa simply stated, "Prabhu would always serve me before he served himself. He's not here to serve me so I shouldn't eat." Furthermore, she stated, "Prabhu tells me everything, if he wants me to eat, he will tell me." Her sweet, simple, and innocent response can only make an individual smile and realize the extent of her sacrifice, dedication, and faith.

Many times we are so busy searching and dreaming of what Moksh will be like, but we fail to see that we are living as if we have

already attained Moksh when we are in the presence of Maa Sarveshwari. Swargarohan, located on Daata Road in Ambaji, is the epitome of peace, happiness, and service. Maa's home, Swargarohan, literally feels like Heaven on Earth. Wherever Maa's holy feet have stepped, that place has come to life– Swargarohan being no different. Swargarohan not only attracts human beings from all over the world, but many beautiful creatures. The chirping of beautiful birds in the moming to the continuous chanting of prayers and Dhoons throughout the day make a visitor want to stay his or her whole lifetime. The incredible peace and harmony found at Swargarohan can not be duplicated. No one leaves Swargarohan without a mini Swargarohan in their heart. Inside that mini Swargarohan is Maa, Maa's teachings, Maa's undying love, and Maa's life of sacrifice and service. ONLY Maa could have built such a breath–taking place like Swargarohan. If Maa is Swargarohan itself, her heart would be the Yogteerth, and her mind would be the Kutiya.

To understand and appreciate the beauty of the Yogteerth, one must first understand the meaning of Yogteerth. Yog meaning mediation or when one's atma (soul) is joined with parmatma, and teerth meaning holy place.



Therefore, Yogteerth means a holy place of mediation or where the soul becomes attached with eternal happiness and life. As soon as an individual walks into the doors of Yogteerth, he or she feels as if their soul has left their body and is traveling freely and happily in the air. A peace of mind is attained. Furthermore, the thought of Maa and Prabhu engulf their mind. The constant sound of "Om Yogeshwaray Namah" as you walk through the one–of–a–kind museum makes an individual feel as if Shri Yogeshwarji is in their presence. The Yogteerth is truly Maa's heart in a microscopic view. Many different memorabilia from various years of Shri Yogeshwarji's life can be found inside the Yogteerth. Among the variety of memorabilia are pictures, letters, chairs, suitcases, a telephone, blankets, fingenails, newspaper clippings, Prabhu's last speech, and quotes written by Prabhu. Each and every item is placed in the perfect spot with a written explanation beside it, which Maa has written herself. Each letter from Prabhu to Maa encourages Maa to stay focused, keep praying, doing jaap, and dhyan (mediation). Furthermore, each point that Prabhu wants to get across, in his letters to Maa, is numbered. Likewise, we can see a parallel in Maa's diary, which has entries with numbered thoughts or

points, Upon viewing the Yogteerth, two thoughts raced through my mind. One, if Maa was able to preserve the smallest items of Shri Yogeshwarji's life, we should take immense care for every item Maa gives us; so, one day we can show generations to come what kind of message our Maa has taught us. Two, every time Maa is inside the Yogteerth changing and rearranging Prabhu's memorabilia, she literally loses track of time. Maa becomes so engrossed in Prabhu's teachings and life that she must even be reminded to eat. This made me realize that when we think of Maa, pray, do pranaam, jaap, or dhyan, we should lose track of time, and have one focus–God. Maa has been able to show us her life through Shri Yogeshwarji time and time again. Therefore, in viewing the contents of Yogteerth, one can see why it is truly the heart and treasure of Swargarohan.

A small hexagon shaped hut called the Kutiya can be found towards the back of Swargarohan. The Kutiya serves many different purposes. It is a place where an individual can pray silently to Maa Prabhu, do pranaam, jaap, or sit in dhyan. It is not only utilized by using its inner space. Many individuals chose to do Pradakshina (walk around the Kutiya) while silently chanting a



Mantra. Because of its small nature, an individual feels a close, intimate relationship with God while engaging in prayer or Pranaam. The silence or utmost peace found in the Kutiya reminds me of the calmness and simplicity in Maa and her mind. Personally, when I have prayed in the Kutiya, I feel as if Maa, Prabhu, and I are the only three individuals in the building. Maa, time and time again, has said whatever a devotee prays for in the Kutiya, Prabhu will listen to his or her prayer, and that individual will receive an answer.

Maa also mentioned that on one occasion while she was walking near the Kutiya, she saw Prabhu as a child running with Jyotirmayimaa slowly walking behind him. Although this has only been my second time coming to Swargarohan, since my first visit, I felt a special connection with the Kutiya. And so, after hearing this story from Maa, I began to really examine the Kutiya. A hexagon shaped hut–but why six sides? My personal parallel would be that the word Prabhu has six letters, each letter for one side, meaning that Shri Yogeshwarji is everywhere, wherever you face, he will hear your prayer, and he will answer your prayer. He is universal and omnipresent, and his spirit lives in Swarga-

rohan through Sarveshwari Maa.

If you have never been to Swargarohan, you are truly missing out on an experience of a lifetime. Being in the physical presence of Maa at Swargarohan can't be heard through a tape or seen with open eyes through a video. The true gift of Swargarohan can only be experienced in Ambaji–the gift of eternal peace and happiness, the gift of everlasting love, and the gift of living in God's home with god, Jagadamba Maa.

શરીરને બીજાઓની સેવામાં લગાવવાથી અહંતા અને પદાર્થોને બીજાઓની સેવામાં લગાવવાથી મમતા નષ્ટ થાય છે. – યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# મા સર્વેશ્વરીનું આધ્યાત્મિક દર્શન–મારી નજરે

અંગ્રેજી સંપાદન : **હેમાલી પટેલ**

ગુજ.અનુવાદ : **તંત્રી**

જય કૃપાળુ મા,

પૂ. શ્રી યોગેશ્વરજીનું બાળપણથી સ્વપ્ન હતું કે ગુજરાતના લોકોને પ્રેરણાદાયક ધાર્મિક વાંચનનું સાહિત્ય પૂરું પાડવું. આ સ્વપ્ન વિદ્યાર્થી અવસ્થાથી સાકાર થવા માંડ્યું–તે એ રીતે કે પોતાના સાથી વિદ્યાર્થી મિત્રો એ એક હસ્તલેખિત માસિક બહાર પાડ્યું. તે પછી ઘણા બધા લેખો અને પુસ્તકો પ્રકાશિત થયાં. ગુજરાતી ભાષામાં સને ૧૯૭૯ માં 'અધ્યાત્મ' નામે માસિક પ્રકાશિત થતાં આ સ્વપ્ન પૂર્ણપણે સાકાર થયું. મારો આ લેખ પણ પૂ. માના આશીર્વાદને કારણે હું લખવા શક્તિમાન બની છું, અને તે અધ્યાત્મમાં પ્રસિદ્ધ થશે. પૂ. મા એ રીતે પૂ. યોગેશ્વરજીની એ ભાવનાને સતત જીવંત રાખી આગળ વધારી રહ્યાં છે.

પરમ પૂ. મા સર્વેશ્વરી, એક પ્રેરણાસ્રોત, એક આદર્શ, પવિત્રતાનું સાક્ષાત્ માનવરૂપ, અવનિનું એક આશ્ચર્ય, કદી કોઈને ભાગ્યે જ જોવા મળે એવું શક્તિશાળી અને અતિ ઉત્સાહી, પૂર્ણતાભર્યું સરળ વ્યક્તિત્વ. અરે, પૂ. શ્રી યોગેશ્વરજીએ એમના વિષે જે જે કલ્પનાઓ કરેલી, તેનું સાકાર સ્વરૂપ. આસક્તિથી સંપૂર્ણ રહિત એવું એ સ્ત્રીસ્વરૂપ જેનું દર્શન એમની સતત આપતા રહેવાની પ્રવૃત્તિઓથી થાય છે. તેઓ કોઈ એવું વ્યક્તિત્વ છે જે આત્મકેન્દ્રિત હોવા છતાં ફક્ત એક પ્રભુમાં જ મગ્ન અને મસ્ત અને સતત તેમનો આભાર માનતું

રહે છે. એમનો સરળ સ્વભાવ, સુંદર સ્મિત, બધી જ વચના, બધા જ ધર્મોના નીતિમાન આસ્થાવાળા માણસોને તેઓ હૃદયને ઉષ્માથી ભરી દે એવા શાશ્વત પ્રેમથી આકર્ષતાં રહે છે. છેલ્લાં ૧૦ વર્ષથી તેઓ મૌન પાળે છે, તેમ જ છેલ્લા ૨૩ વર્ષોથી તેઓએ માત્ર અન્નનો ત્યાગ કરેલ છે અને દર ત્રીજો દિવસ નિર્જળા વ્રતનો હોય છે, જે દિવસોએ કંઇ લેવાનું હોય છે તેમાં અલ્પ પ્રમાણમાં ફળો ને પાણીનો સમાવેશ થાય છે. આ અન્ન-ત્યાગનો અતિકપરો નિયમ પોતાના ગુરુ પ. પૂ. શ્રી યોગે-શ્વરજીનો ભૌતિક વિદાયનો દિવસ—૧૮ માર્ચ, ૧૯૮૪ થી આરંભાયો છે. જો ભૌતિક દાક્તરી વિજ્ઞાનની દૃષ્ટિથી આ ઉપવાસોને ચકાસીએ તો તે પૂર્ણપણે અશક્ય જ લાગે. પરંતુ પૂ. માનું પ્રત્યક્ષ હોવાપણું શ્રદ્ધાપૂર્વક નિહાળીએ તો તે શક્ય લાગે. પૂ. માએ જ્યારે આ અનશનવ્રતનો પ્રારંભ કર્યો ત્યારે પૂ. માના નજીકના ઘણા ભક્તોએ તેઓના આ નિર્ણયનો પુન-ર્વિચાર કરવા અનુરોધ કર્યો. પૂ. માએ માત્ર એટલું કહ્યું કે ‘‘પૂ. શ્રી જ્યારે હયાત હતા ત્યારે મારી થાળીમાં પહેલાં પીરસીને પછી જ પોતાની થાળીમાં પીરસતા. પરંતુ હવે તેઓ ભૌતિક રીતે નથી તો શા માટે મારે ખાવું?’’ વળી પૂ. માએ ઉમેર્યું, ‘‘પૂ. ગુરુદેવ મને ઘણું જણાવે છે, તો તેમની ઇચ્છા થશે ત્યારે ખાવા માટે પણ જણાવશે.’’ પૂ. માનો સરળ, સીધો મધુરો જવાબ કોઇ પણ વ્યક્તિને પૂ. માની પોતાના ગુરુ પ્રત્યેના ત્યાગ, સમર્પણ અને શ્રદ્ધાની પ્રતીતિ કરાવવા પૂરતો છે.

ઘણીવાર આપણે મોક્ષ કેવો હશે ને ક્યાં મળશે તેની શોધ કરતાં હોઇએ છીએ. પરંતુ અંબાજી ખાતેના દાંતારોડ પરના સ્વર્ગારોહણમાં પૂ. માના સાન્નિધ્યમાં હોઇએ ત્યારે આપણને



મોક્ષ, મળી જ ગયો છે તે જોઇ શકતા નથી. તે તો સુખ, શાન્તિ અને સેવાનું ધામ છે, અરે, સ્વર્ગારોહણનો પૂ. માનો આ નિવાસ, પૃથ્વી પરનું સ્વર્ગ નહિ તો બીજું શું છે? જ્યાં જ્યાં પૂ. માનાં પવિત્ર ચરણો પડ્યાં છે, તે તીર્થસ્થાન બન્યું છે, તો સ્વર્ગારોહણ તમાંથી શી રીતે બાકાત રહી શકે? સ્વર્ગારોહણ માત્ર દુનિયાભરના માનવોને જ આકર્ષે છે એમ નથી. કિન્તુ કેટલાંક પ્રાણીઓને પણ આકર્ષે છે. સવારના પહોરમાં સુંદર પક્ષીઓનો કલરવ અને દિવસભર ચાલતી પ્રાર્થનાઓ અને પ્રભુના નામની ધૂનો, બહારથી આવનાર મુલાકાતીને અહીં જીવનભર રહી જવા પ્રેરિત કરે છે. અહીં સ્વર્ગારોહણમાં પ્રાપ્ત થતી અકલ્પનીય શાન્તિ ને સંવાદિતા બીજે મળવાં મુશ્કેલ છે. એનો કોઇ જોટો નથી. પોતાના હૃદયમાં નાના સ્વર્ગારોહણનું સ્થાપન કર્યા સિવાય કોઇ સ્વર્ગારોહણમાંથી વિદાય લઇ શકતું નથી અને જાણો છો આ નાનું સ્વર્ગારોહણ એટલે પૂ. મા અને પૂ. માના ઉપદેશોનો સમાવેશ થાય. પૂ. મા સિવાય આવું સ્તબ્ધ કરી દે એવું સ્વર્ગારોહણનું સર્જન શક્ય નથી. જો પૂ. મા સ્વયં સ્વર્ગારોહણ હોય તો ‘યોગતીર્થ’ પૂ. માનું હૃદય છે અને એનું મન ‘કુટિયા’ છે.

યોગતીર્થના સૌંદર્યને સમજવા માટે પહેલા ‘યોગતીર્થ’નો અર્થ સમજવો જોઇએ. યોગનો અર્થ ધ્યાનમાં પોતાના આત્માનું ભગવાન સાથેનું મિલન એવો થાય અને તીર્થનો અર્થ પવિત્ર સ્થાન એટલે ‘યોગતીર્થ’ એ એવી પવિત્ર, ધ્યાન માટેની જગ્યા છે જ્યાં માણસનો આત્મા સનાતન સુખ અને જીવન સાથે જોડાય છે. યોગતીર્થના દરવાજામાં પગ મૂકતાં વ્યક્તિને એવો અનુભવ થાય છે કે જાણે તેનામાંથી આત્મા બહાર નીકળીને

વાતાવરણમાં મુક્ત રીતે સુખથી વિહાર કરે છે. એક પ્રકારની અદ્‌ભુત માનસિક શાંતિનો અનુભવ થાય છે તેમ જ મા–પ્રભુના વિચારોથી મુલાકાતીનું મન ભરાઈ ઉઠે છે.

ૐ યોગેશ્વરાય નમઃનો સતત ગૂંજતો રહેતો મંત્ર આ સંગ્રહસ્થાનમાં મુલાકાતીને એવો અનુભવ કરાવે છે કે જાણે પૂ. યોગેશ્વરજી તેમની સામે પ્રત્યક્ષ હાજર છે. તેથી આ યોગતીર્થ સાચું પૂછો તો પૂ. માના હૃદયમાં રહેલ પૂ. ગુરુદેવનું સૂક્ષ્મ-દર્શન જ છે.

આ યોગતીર્થમાં પૂ. યોગેશ્વરજીના જીવનના ભિન્ન–ભિન્ન વર્ષોની સ્મૃતિઓના યાદગાર સંસ્મરણો રજૂ થયેલા છે. આ વિવિધ સ્મૃતિઓમાં પૂ. શ્રીના ફોટાઓ, પત્રો, તેઓ ઉપયોગ-માં લેતા તે સૂટકેસ, ખુરશીઓ, ટેલિફોન, ધાબળા, તેમના નખ અને તેમના લખાણોવાળા છાપાના કટિંગો છે. તે ઉપરાંત 'પ્રભુ'નું છેલ્લું પ્રવચન અને તેમણે લખેલા કેટલાક સૂત્રો પણ છે. તે દરેક વસ્તુ યોગ્ય સ્થળે અને યોગ્ય રીતે રજૂ કરવામાં આવેલ છે. જેની નીચે તેનું વર્ણન નોંધેલું જોવા મળે છે જે પૂ. માએ પોતે લખેલું છે. પૂ. ગુરુદેવે પૂ. મા ઉપર લખેલો દરેક પત્ર પૂ. માને પ્રાર્થના, જપ અને ધ્યાન કરવા માટે પ્રોત્સાહિત કરતો જણાય છે. આ ઉપરાંત પૂ. ગુરુદેવ પૂ. માને દરેક પત્રોમાં જે અગત્યના મુદ્દા સમજાવવા માંગે છે તેને પૂ. માએ અનુક્રમિત કર્યા છે. જેને આપણે પૂ. માની ડાયરીમાં પણ આવી સરખી નોંધો જોઈએ છીએ.

યોગતીર્થનું દર્શન કરતાં મારા મનમાં બે વિચારો ઉદ્‌ભવ્યા. જો પૂ. મા, પૂ. ગુરુદેવના જીવનની નાનામાં નાની વસ્તુઓ સાચવવા શક્તિમાન બન્યા તો પૂ. મા આપણને જે કંઇ આપે



તેને સાચવવા માટે આપણે ખૂબ કાળજી લેવી જોઈએ. પરિ-ણામે ભવિષ્યમાં એક દિવસ આવનારી પેઢીને બતાવી શકીએ કે પૂ. માએ આપણને કયા પ્રકારનો સંદેશ આપેલો. બીજું યોગતીર્થની અંદર દરેક વખતે પૂ. મા પ્રભુના સંસ્મરણોની વસ્તુઓ બદલતાં અને ફરી ગોઠવતા જોવા મળે છે. અરે! પૂ. મા તો પ્રભુના ઉપદેશોમાં એવો તો ડૂબી જાય છે કે તેઓને કંઈક ખાવાનું લેવા માટે પણ યાદ કરાવવું પડે. તેમને સમયનું ભાન પણ રહેતું નથી. આજ રીતે આપણે જ્યારે પૂ. માનો વિચાર કરીએ ત્યારે પ્રાર્થના, પ્રણામ, જપ અને ધ્યાનમાં એવા એકાગ્ર થઈ જવું જોઈએ કે ભગવાન સિવાય આપણને સમયનું ભાન પણ ન રહે. અનેકવાર પૂ. મા, યોગેશ્વરજીદ્વારા પોતાનાં જીવનમાં થયેલા ફેરફારો આપણને દર્શાવવામાં સફળ થયેલાં છે. જેથી આપણે જ્યારે યોગતીર્થ નીહાળતા હોઈએ ત્યારે અનુ-ભવીએ છીએ કે તે સ્વર્ગારોહણના હૃદય અને ખજાના સમાન છે.

સ્વર્ગારોહણના પાછળના ભાગમાં એક ષટ્કોણીય ઈમારત છે જેને 'કુટિયા' કહેવામાં આવે છે. આ કુટિયા ઘણા ઉદ્દેશો પાર પાડે છે. અહીં કોઈ પણ વ્યક્તિ શાંતિથી બેસી મા–પ્રભુને પ્રાર્થના, પ્રણામ કે જપ કરી શકે છે. માત્ર તેના અંદરના ભાગનો ઉપયોગ કરવામાં આવે છે તેવું નથી. તેની બહારના પરિસરમાં પણ મંત્ર–જપ કરતાં–કરતાં શાંતિથી મૌન રાખીને પ્રદક્ષિણા પણ કરવામાં આવે છે. કુટિયા ખૂબ નાની છે તેથી સાધક જ્યારે તેમાં બેસી પ્રાર્થના કે પ્રણામ કરે છે ત્યારે ભગવાન સાથે આત્મીય સંબંધ અનુભવે છે. કુટિયામાં પ્રવર્તતી સંપૂર્ણ શાંતિ મને નીકટતા મા અને માના મનમાં પ્રવર્તી રહેલ શાંતિ અને સહજતાની સ્મૃતિ કરાવે છે. અંગત રીતે જ્યારે મેં

કુટિયામાં પ્રાર્થના કરી છે ત્યારે તેમાં અનુભવ્યું છે કે હું, પૂ. મા અને પ્રભુ ત્રણ જ છીએ. પૂ. માએ વારંવાર કહેલું છે કે કુટિયામાં બેસીને જેના માટે પણ પ્રાર્થના કરવામાં આવે છે તે પૂ. ગુરુદેવ જરૂર સાંભળશે અને તે ભક્તને તેનો જવાબ પણ આપશે. પૂ. માએ કહ્યું હતું કે એક વખત તેઓ જ્યારે કુટિયા-ની નજીક ચાલી રહ્યા હતા ત્યારે જોયું કે પૂ. પ્રભુ બાળસ્વરૂપે ફરી રહ્યા હતા અને જ્યોતિર્મયી માતા તેમની પાછળ ચાલતાં હતાં. જો કે મારે આ બીજીવાર જ સ્વર્ગારોહણમાં આવવાનું થયું છે છતાં મારી પહેલી મુલાકાતથી જ મને આ કુટિયા માટે આકર્ષણ રહેલું છે. અને પૂ. મા પાસેથી આ વાત સાંભળ્યા પછી મેં કુટિયાનું ખાસ નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું. આ નાની ઇમારતને છ ખૂણા જ શા માટે? તે માટે મારો અંગત ખુલાસો એવો છે કે 'પ્રભુ' અંગ્રેજી શબ્દમાં છ અક્ષરો છે અને દરેક અક્ષર એક બાજુ સૂચવે છે. તેનો અર્થ એ થાય કે કોઇ પણ દિશામાં તમે બેસો તો તમને યોગેશ્વરજી દેખાશે અને તેઓ તમારી પ્રાર્થના સાંભળશે અને જરૂરથી પ્રાર્થનાનો પ્રત્યુત્તર પણ આપશે. તેઓ સમગ્ર વિશ્વની અંદર વ્યાપેલા છે અને તેમની શક્તિ સ્વર્ગારોહણમાં પૂ. મા દ્વારા જીવંત બની રહેલ છે.

જો તમે કદી સ્વર્ગારોહણ ન ગયા હોવ તો તમે સાચે જ જીવનનો એક અમૂલ્ય અવસર અને અનુભવ ગુમાવ્યો છે એમ માનજો. સ્વર્ગારોહણમાં પૂ. માની પ્રત્યક્ષ હાજરીનો જે અનુભવ છે તેમની ટેપ કે વિડિયો જોવાથી થોડો જ મળી જાય?

સ્વર્ગારોહણમાં મને થયેલો અનુભવ અવર્ણનીય છે. આ અનુભવ સનાતન શાંતિ અને સુખ, શાશ્વત પ્રેમ અને ભગ-વાનના ઘરમાં, ભગવાનની સાથે જગદંબા સ્વરૂપ મા સાથે રહેવાનો છે. ✵



# My experince of Eye–camp

**Ujval Patel**

Om Maa Prabu.

During the first week of January 2007, I was able to participate in an eye camp at Swargarohan. It was one of the many rewarding experiences I have encountered with Maa. I heard from multiple devotees that the eye camp is the hardest camp to part take in and would require the most energy. The reason for this is because you're always on your feet, and the duration is for 3 days and 2 nights. On the first day, over a 1,000 plus underprivileged locals and small neighbouring townspeople as far as 25 kilometers came for examination. During the advertising of the eye camp, the people were told to come early because only the first 120 eye cataract cases would be taken for operation.

A majority of the patients were already waiting outside at 6 am. The patients had to follow a certain procedure: As they entered the gates of Swargarohan, they were signed in for document purposes. After that, they were escorted to get their eyes examined. Nurses from Rotary Eye Institute would tell the patients to cover either their right or left eye

and read a board with 3, 4, 5 or 6 dots from distances of 3, 5 and 10 feet. The reasoning why they had dots instead of letters like the United States is because a majority of the patients are illiterate. The examination that the nurses conducted allowed them to determine which eye, if not both, was impaired. The next stop for the patients was to the doctor, where they determined if they needed surgery or just prescription glasses. If the patients needed glasses, they were sent to that line; and then, given glasses along with Maa's Prasad.

If the patients needed to have surgery, they had to stand in a separate line where the nurses performed a special pre–operation procedure. After that, the patients were assigned a room at "Shakti Bhavaan" where they would rest that night. The next morning the patients were transported 3 at a time to the hospital. After they came back volunteers would escort them to their rooms by holding their hand or hip. During this cycle of taking patients to and from the hospital, many volunteers were singing bhajans to pray each operation went successful. The first day of operation the doctors were able to successfully complete approximately 70 to 80 surgeries. The doctors successfully finished the rest of the patients the following day.



During the night, I was able to experience one of the most cherishable memory. Many volunteers got the privilege of working night duty. The volunteer's job description was regulated by Maa which consisted of staying awake all night, getting water for the patients, helping the patients go to the bathroom, adjusting the patients eye patch, or comforting the patients by giving them medicine. One of the main advices that Maa had given to the volunteers was to treat the patients as if they were your mother or father. The message she was trying to get across couldn't have been any clearer.

Around 1am Maa came over to check up on us and called every volunteer to the dining hall to give us chocolate milk, prasad, and, most importantly, energy. As the night continued, I was able to stir up conversations with fellow volunteers about experiences with Maa and their vision on faith. I noticed many girls were getting tired on the first floor so my partner, Rajeevbhai and I decided to alert them by saying, "Maa is here!" It was fun to see them jump up off their seat and open their eyes. I had asked them, "Do you all remember what Maa had said to us?" I followed by, "If your Mom or Dad was in that room behind you, do you think you'd be sleeping right now?" Everyone responded with, "No." Many

of the volunteers had also realized for the first time in their lives, that for one night, in the blistering cold, they were experiencing the life these underprivileged citizens live on a daily basis. On the last day of the eye camp, the patients were given additional prasad, given an invitation to visit Swargarohan and the apportunity to speak on their experience on the eye camp. Some of the speeches that were given by the patients were just heart melting because you can feel how thankful they were to have gotten a new vision on life. I encourage anyone to participate in any camp at Swargarohan because it will be a life–changing and lifelong experience.

Jai Krupalu Maa.


જ્ઞાનમાં અખંડરસની પ્રાપ્તિ થાય છે. પરંતુ ભક્તિમાં અનંત રસની પ્રાપ્તિ થાય છે. **– યોગેશ્વરજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪




# નેત્રયજ્ઞનો મારો અનુભવ


અંગ્રેજી સંપાદન : **ઉજ્જ્વલ પટેલ**

ગુજ.અનુવાદ : **તંત્રી**


ૐ મા પ્રભુ,

જાન્યુઆરિ, ૨૦૦૭ ના પહેલા અઠવાડિયામાં, સ્વર્ગારોહણ (અંબાજી) ખાતે યોજાયેલ મેડિકલ કેમ્પમાં હું ભાગ લેવા ભાગ્યશાળી થયો. પૂ. મા સાથે ઘણા બધા લાભપ્રદ અનુભવો મને થયા છે, તેમાંનો તે એક હતો. ઘણા બધા ભક્તો પાસેથી મેં સાંભળેલું કે બધા જ કેમ્પોની સરખામણીમાં મેડિકલ કેમ્પ ખૂબ અઘરો છે અને તેમાં સેવા કરવા ઘણી શક્તિની આવશ્યકતા રહે. તેનું કારણ એ છે કે તે કેમ્પ ત્રણ દિવસ અને બે રાત્રિનો હોય છે, જેમાં તમારે સતત પ્રવૃત્તિશીલ રહેવું પડે છે.

કેમ્પના પહેલા દિવસે આસપાસના ૨૫ કિલોમીટરના વિસ્તારના હજારથી વધુ ગરીબ માણસો આંખો તપાસરાવવા આવ્યા. પ્રચાર વખતે જ લોકોને કેમ્પના દિવસે વહેલા આવવા જણાવવામાં આવ્યું હતું, કારણ કે વહેલા તે પહેલાના ધોરણે ૧૨૦ જેટલાં દર્દીઓને ઓપરેશન માટે નોંધી લેવાના હતા.

આથી ઘણા બધાં ભાઈબેનો વહેલી સવારના છ વાગ્યાથી આવી ને બહાર લાઈનમાં ગોઠવાઇ ગયા હતા. દર્દીઓને સ્વર્ગારોહણમાં દાખલ કરતી વખતે કેટલીક વિધિ કરવાની. એટલે દરેક દર્દીનું નામ, ઠામ, ઠેકાણું નોંધ્યા પછી દર્દીને તેની આંખો તપાસવા માટે દાક્તર પાસે ઘેરી જવામાં આવતો. અહીં રોટરી આય ઈન્સ્ટિટ્યૂટની નર્સ બહેનો દર્દીને વારાફરતી ડાબી ને જમણી આંખો બંધ કરી ત્રણ, પાંચ કે દસ ફૂટના અંતરેથી

બોર્ડ ઉપરનાં ૩, ૪, ૫ કે ૬ ટપકાં વાંચવાનું કહેવામાં આવતું. અમેરિકામાં કે બીજે અક્ષરોને બદલે અહીં આ ટપકાં શા માટે? તો તેનું કારણ કે અહીં આવતા મોટાભાગના દર્દીઓ સાવ અભણ. નર્સો આ ચપકાંઓની મદદથી એ જાણી શકતી કે દર્દીની બંને કે બેમાંની કઇ આંખ બગડેલી છે ને તેને ઓપ-રેશનની જરૂર છે. તે પછી દર્દીને દાક્તર તપાસી નક્કી કરતા કે તેની આંખને ઓપરેશનની જરૂર છે કે નંબરવાળાં ચશ્મા આપવાથી તે જોઇ શકે એમ છે. એટલે જે ચશ્માથી જ સારું જોઇ શકે તેમને ચશ્મા ને પૂ. માનો પ્રસાદ આપી જવા દેવાતા.

આંખના ઓપરેશનવાળાઓની જુદી લાઇન હતી. ત્યાં નર્સબહેનો દર્દીને ઓપરેશન પહેલાંની જરૂરી સારવાર આપી, રાત્રિરોકાણ માટે સામેના શક્તિભુવનમાં દોરી જતી. જ્યાં તેઓએ રાત્રિ રોકાણ કરવાનું ઠરાલેલું છે. બીજા દિવસે સવારે એક સાથે ત્રણ ત્રણની સંખ્યામાં ઓપરેશન માટેના દર્દીઓને અહીંની હોસ્પિટલમાં મોકલવામાં આવતા. ઓપરેશન પછી સ્વયંસેવકો આ દર્દીઓનો હાથ કે કેડેથી પકડીને તેને માટે નિર્ધારિત કરેલ ખાટલે દોરી જતા. દર્દીઓને ઉતારા ઉપરથી હોસ્પિટલ અને ત્યાંથી પાછા લાવતી વખતે આ સ્વયંસેવકો પ્રભુના નામનું ગાન કરતા, જેથી તેમનાં ઓપરેશન સફળ થાય.

પહેલા દિવસે ડોક્ટરોની ટીમ ૭૦ થી ૮૦ જેટલાં ઓપરેશનો સફળ રીતે કરી શકી. બાકી રહેલા દર્દીઓનાં ઓપરેશનો દાક્તરોએ બીજા દિવસે સફળતાપૂર્વક કર્યાં. પહેલા દિવસે—રાતના વખતે મને કાયમ માટે યાદ રહી જાય તેવી એક ઘટના બની. ઘણા બધા સ્વયંસેવકોને રાતની સેવા કરવાનો



લાભ મળેલો. પૂ. માએ સ્વયંસેવકોએ રાત્રિ દરમ્યાન કેવા પ્રકારની સેવા કરવાની રહેશે તેની સૂચના આ સ્વયંસેવકોને આપેલી—તેમાં દર્દીને પાણી કે સમયસર દવા પાવાની. તેને હાથ પકડી બાથરૂમ લઇ જવાની અને આંખ પરના પેડ સરખા કરતા રહેવાની સેવાઓનો સમાવેશ થતો.

વળી કોઇ દર્દીને પીડા થતી હોય તો તેને જરૂરી સધિઆરો આપી દવા આપવાની રહેતી. પૂ. માએ બધા સ્વયંસેવકોને જે ખાસ સૂચના આપી હતી તે એ હતી કે આ દર્દીઓ તમારા જ મા કે બાપ છે—એમ સમજી સેવા કરજો આનાથી વધારે સારો પૂ. માનો બીજો સંદેશો શો હોઇ શકે?

મધ્યરાત્રે એક વાગે પૂ. મા તપાસ કરવા આવ્યા ને સેવકોને વારાફરતી ડાઇનીંગ હોલમાં ભેગા કરી, દૂધ, ચોકલેટ પ્રસાદ જ નહિ, પણ સેવા કરવાની શક્તિય આપી. રાત્રિ જેમ જેમ પસાર થતી ગઇ તેમ તેમ હું મારા સાથી સ્વયંસેવકો સાથે પૂ. મા વિષેના તેમના અનુભવો અને પૂ. મા પરની શ્રદ્ધાની વાતો સાંભળતો ગયો. મેં જોયું કે મધ્યરાત્રિ પછી પહેલા માળ પરની ઘણી સ્વયંસેવક બહેનો થાકી ગયેલી લાગતી હતી. એથી મેં અને મારા સાથી સ્વયંસેવક રાજીવભાઇ આ બહેનોને એમ કહી ચમકાવી કે પૂ. મા અહીં છે. અરે, આટલું સાંભળતાં જ બધી પોતાની બેઠકમાંથી કૂદી પડી અને આંખો ઉઘાડી જોવા લાગી. આ રમૂજભર્યું દૃશ્ય જોવાજેવું હતું મેં તેઓને પૂછ્યું ''પૂ. માએ આપણ બધાંને શું કહેલું તે તમને યાદ છે!'' પછી મેં ઉમેર્યું, ''જો તમારા માતા કે પિતા તે ઓરડામાં હોત તો શું તમને ઊંઘ આવત?'' બધાંએ એકી અવાજે કહ્યું, ''ના.'' મોટાભાગના સ્વયંસેવકોએ તેમના જીવનમાં પહેલીવાર અનુ-

ભવ કર્યો કે શિયાળાની કકડતી ઠંડી કેવી હોય છે અને તેમાં તેઓએ તો ફક્ત એક રાત જ વીતાવવાની છે. જ્યારે આ ગરીબ લોકોએ તો રોજ એ સહન કરવાની હોય છે.

કેમ્પના છેલ્લા દિવસે તો તેમને વધારાનો પ્રસાદ આપી કહેવામાં આવ્યું કે તેઓ જ્યારે પણ અંબાજી આવે ત્યારે જરૂરથી સ્વર્ગારોહણની મુલાકાત માટેનું નિમંત્રણ છે. વળી આ કેમ્પ વિષે તેઓ પોતાનો પ્રતિભાવ પણ જણાવે. જે થોડા લોકો બોલ્યા તેઓએ કહ્યું કે આંખની દૃષ્ટિ પ્રાપ્ત થવાથી અમે કેટલા બધાં અહેસાનમંદ છીએ તે વર્ણવી શકીએ તેમ નથી. તેમના વક્તવ્યો ખરે જ ખૂબ હૃદયદ્રાવક હતાં. આથી મારી મારા વિદેશના મિત્રોને ભલામણ છે કે સ્વર્ગારોહણમાં જ્યારે પણ આવા કેમ્પ હોય ત્યારે તેમાં જરૂરથી જોડાઈ ભાગ લે. મને વિશ્વાસ છે કે તેનાથી તેમનું જીવન બદલાશે અને તે જીવનનું અદ્‌ભુત સંભારણું બની રહેશે. જય કૃપાળુ મા.



# Gift to Children–Gift to God

**Savan Bhakta**

Jai Krupalu Maa.

My experience at Swargarohan was a very informative and pleasurable one. I leamed and experienced many new things which I will never forget. Some of these things include the will and determination of man–kind, the abject poverty found throughout India, and the spiritual divinity of Maa Sarveshwari. Swargarohan is a very holy and peaceful place to worship deities such as Shri Yogeshwarji, Maa Sarveshwari, and many others. I hope to retum to Swargarohan soon and continue to experience the divinity and holiness of the place.

I never knew handicapped men could be so willing and determined to live a successful life when they are missing a leg or two. the people without a leg at Swargarohan seemed to be enjoying their lives and did not at all seem hopeless. After they were fitted with an artificial leg, they became almost normal and enjoyed the feeling of walking on two legs. I am thankful for the people who made the artificial legs because without them we would not have been able to help the people who

were in desperate need of a leg. I am also thankful for all the people that helped fund the leg camp and the generosity of Maa Sarve-shwari.

The poverty was immense and sorrowful. I sometimes wondered how the poor children could live in such humble conditions. I noticed that no matter how low and poor they were, they were still living happily. It did not matter to them that they had very little or no food to eat, no electricity in their home, no running water, etc. The children would walk for kilo-meters and kilometers just to travel to school. This showed that they were enthusiastic about learning and that they wanted to receive a good education. I hope I abated the growing poverty in India by helping to supply the children with backpacks, sweaters, food items, and silverware. For the children, receiving these items was an aberration. They are not accustomed to receiving items of this nature. I am glad to say that I have made a difference in someones life by supplying basic necessities to impoverish children in India. It was a learning experience that was definitely worth it.

Overall, the whole experience was very enjoyable and it was something to learn from. I hope to pass the lessons I Iearned on to my



peers. The thing I enjoyed the most was helping the children. This was the most enjoyable part of my trip because I personally felt like I was doing something for the good of man and that I felt satisfaction after helping them. With each sweater I handed to each child I felt as if my heart was telling me that I was on the right track to happiness and to continue to follow that track. I hope to come back to India, specifically Swargarohan, and partake in a magnificent program like this one soon.

Your Devotee,
Savan Bhakta.

# બાળકોને ભેટ—એ ભગવાનને ભેટ

અંગ્રેજી સંપાદન : **શ્રવન ભક્ત**
ગુજ.અનુવાદ : **તંત્રી**

જય કૃપાળુ મા,

સ્વર્ગારોહણનો મારો અનુભવ ખૂબ માહિતીપ્રદ અને આનંદદાયક રહ્યો. હું કદી ભૂલી ન શકું એવી ઘણી બધી નવી બાબતો ત્યાં મેં જાણી અને અનુભવી. એમાંની જે મુખ્ય બાબતો ત્યાં શીખ્યો તેમાં માણસની પ્રબળ સંકલ્પશક્તિ અને ભારતમાં પ્રવર્તતી ખૂબ ગરીબાઇ અને મા સર્વેશ્વરીની દિવ્યતા-ની સમજ ગણાવી શકાય. સ્વર્ગારોહણ એક ખરે જ અતિ પવિત્ર અને શાન્ત સ્થાન છે જ્યાં રહી ગુરુદેવ શ્રી યોગેશ્વરજી મા સર્વેશ્વરી જેવા બીજા દેવોની ભક્તિ પણ થઇ શકે. હું ઇચ્છું છું કે હું જલ્દીથી સ્વર્ગારોહણ પાછો આવું અને આ સ્થાનની પવિત્રતા અને દિવ્યતાનો મારો અનુભવ ચાલું રાખું.

જેણે એક અથવા બંને પગ ગુમાવ્યા છે તેવા વિકલાંગ ભાઇઓ પોતાની પ્રબળ ઇચ્છા ને સંકલ્પ શક્તિથી, સફળતા-પૂર્વક જીવન જીવી શકે તેવી મને કદી કલ્પના સરખી ન હતી. સ્વર્ગારોહણમાં મેં જોયું કે પગ વગરનો માણસ પણ આનંદપૂર્વક કોઇ પણ પ્રકારની લાચારી વગર જીવન જીવી શકે. તેમને બનાવટી પગ ફીટ કરવામાં આવ્યો તે પછી તો તેઓ લગભગ સામાન્ય માણસની જેમ બંને પગે ચાલવા આનંદની લાગણી અનુભવવા લાગ્યા. જેમણે આ બનાવટી પગ બનાવ્યા. તે લોકોનો હું ખૂબ આભારી છું, કારણ તે સિવાય જેમને આની ખૂબ આવશ્યકતા છે, તેમને આપણે મદદ કરી શક્યા ન હોત,



હું એ ભાઇઓનો પણ આભાર માનું છું જેમણે આ માટે પૈસા આપ્યા અને પૂ. મા સર્વેશ્વરી જેમણે આ માટેની ઉદારતા બતાવી.

આટલી બધી ગરીબાઇ એ ખરે જ દુઃખદ છે. આવી ખરાબ પરિસ્થિતિમાં આ ગરીબ બાળકો કેવી રીતે જીવી શકે છે એનું મને કેટલીકવાર આશ્ચર્ય થાય છે.

મારા ધ્યાન ઉપર એ પણ આવ્યું કે આ લોકો ગમે તેટલા ગરીબ અને પછાત હોય. છતાં તેઓ સુખપૂર્વક જીવતા જણાયા. ભલેને ખાવા માટે થોડું હોય કે ના હોય, ઘરમાં વિજળીયે ના હોય, નળથી પાણી ન મળતું હોય છતાં આ વસ્તુઓનો અભાવ તેમને સાલતો નથી. અહીં બાળકોને નજીકમાં ભણવાની શાળાના અભાવને લીધે શાળાએ જવા કેટલાય કિલોમીટર ચાલવું પડે છે. એથી લાગે કે એ બાળકોને ભણવાનો ઉત્સાહ છે, અને તેમને સારા ભણતરની અપેક્ષા છે. મા બાળકોને દફ્તર, સ્વેટર, ખાદ્યચીજો, વાસણો તેમ જ ભણવાનાં ઉપયોગી સાધનો આપીને તેમની ગરીબાઇ ઓછી કરવામાં હું મદદરૂપ થવા ઇચ્છું છું. આવી બધી વસ્તુઓ મળવી તે આ બાળકોને તેમના સમાજથી છૂટા પાડવા જેવું થાય, કારણ કે તેઓ આવી વસ્તુઓ કેમ વાપરવી તેનો તેમને મહાવરો નથી. મને કહેતાં આનંદ થાય છે કે કોઇકના જીવનમાં જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડી આ બાળકોની થોડી ગરીબાઇ ઓછી કરી ફેરફાર લાવવાની મને તક મળી. અનુભવ મેળવા માટે આ ખરે જ યોગ્ય લેખાય.

સમગ્ર રીતે જોતાં આ ઓખો અનુભવ ખૂબ આનંદપ્રદ રહ્યો. તેમાંથી કંઇ નવું શીખવા મળ્યું. મારા આ અનુભવો

પરદેશમાં મારા સમોવડિયા મિત્રોને જણાવવા આશા રાખું છું. મને જે વસ્તુ વધુ ગમી તે બાળકોને કરાયેલી મદદની. મારા પ્રવાસની આ માણવા જેવી ઘટના છે—જેમાં હું બાળકોને સહાયરૂપ થઈ શક્યો. તેમાં માણસના ભલા માટે હું પોતે કંઈ કરી શક્યો તે બદલનો સંતોષ મળી પ્રાપ્ત થયો. દરેક બાળકને સ્વેટર વહેંચતી વખતે મારું હૃદય એવી લાગણી અનુભવતું કે હું બીજાઓને સુખ પહોંચાડવાના યોગ્ય માર્ગે ચાલી રહ્યો છું અને મારે હવે આ માર્ગે ચાલવાનું ચાલુ રાખવાનું છે.

ભગવાનના સ્મરણની જાગૃતિને માટે ભગવાનની સાથે પ્રેમ હોવો જોઈએ. આ પ્રેમ જેટલો દૃઢ હશે એટલી ભગવાનની સ્મૃતિ વારંવાર આવશે.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

દીપક સી. મહેતા

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# My vision of Exteme poverty of India

**Roshni Patel**

In our life, there are moments when everything you once knew seems to change. The world that you knew, the one you that you thought you had figured out, is more different than you ever expected. I felt this when I visited those villages, schools, and saw the medical camp in Ambaji this winter.

I traveled to Swargahon two days after college let out for winter break. I really had no idea what to expect. I only knew that Maa would be there, and I wanted to learn more about her. In this trip, my wish was fulfilled. Never have I met a person whose love is truly unconditional, whose strength and willpower surpasses anything you ever thought possible, and who is completely selfless. I was left in complete awe when I saw Maa’s unwavering devotion to the poverty stricken villagers during the medical camp on December 24.

Two days prior to this medical camp, my friends and I traveled through the villages to tell people about the free medical camp. We passed out fliers and candy to the adults and children while Snehalbhai said, “Attention!

Attention! There is a free medical camp. If you have eye, skin, nose, or any health problem, please come to Swargharon to get free medical care." We went everywhere from villages to remote areas to tell people about the upcoming medical camp. and I wondered how many people would actually come. However, the day of the medical camp, I was amazed to see over 3000 people come in need of care. The lines outside the Swarga-rhon gate seemed to have no end in sight. So many of these people had walked on foot for hours upon hours to get medical attention that they have never been given.

I thought that treating such a large number of people would be impossible in one day. How would we stay organized? How could we accommodate all these people? But all these worries seem to melt away in the presence of Maa. She handles everything so calmly and with so much compassion for others. When you are around Maa, you want to be a better person and I saw this in all the volunteers. The volunteers treated the patients as if they were their own family. Each person would come up to the desk where their name was written down and a makeshift chart was made with their complaints. Then my friends and I would take the people to the appropriate



physician. There was an area for surgeons, general physicians, eye doctors, acupuncturists, pediatricians, dentists, and gynecologists.

Once a patient was examined by the eye doctor and given a prescription for example, I would take them to get glasses in the adjacent tent. I realized that this was the first time some of the people could see clearly in their life. I could not imagine what this was like... to go through life never being able to see objects or people you love clearly. However, even though these people had very few posse-ssions and were often in pain for so long because of lack of treatment, they were amiable. There was a kindness to them that I have never found among people at home in the States. They were compassionate and forever appreciative for any care that you could give them.

I know my friends and I had never seen so much poverty before. The people I saw at the medical camp made me feel like giving them everything I had. You just want them to not suffer anymore. I will never forget one 2 year old child and his mother. They had come to the skin camp where I helping direct patients. I just happened to ask what was wrong with him and I was shocked to see that his entire hand was burned. I remember cringing when I

saw his hand. It was completely burned and black from infection. She told me they had kept in like that for ten days because she had no way to help him. I do not know how it had happened because we could not understand each other because of the language barrier. However, I could see the look of worry on the mother's face. I took her to the surgeon where he prescribed antibiotics and asked her to go to the free hospital the next day. She picked up her medicine and disappeared. I looked for her but could not find her anywhere. I still hope she took her son to the hospital for treatment. I remember feeling and actually still feel so bad about her situation. She probably walked for hours to get to the camp because she didn't have medicines at home. Most of us in America have five different creams that we can put on for a tiny burn. This boy, on the other hand, had nothing...no water to clean around his wound, no ice to keep in from stinging, no antiseptic to keep it from getting infected, and no bandages to wrap it up. The camp in general just made me think about these things. I was so fortunate to be born into a family where I did not have to face the struggles of finding food for the day or shelter for the night.

Then I realized what a great gift Maa had



given for both the people and me. She gave them hope, love, and attention when nobody else did and she gave me the opportunity to serve them. Only because of Maa did I get to see how some people live in this world with nothing and how I can help them. I realized that I should be thankful for all I have and remember how easily my life could have been like theirs. The medical camp really reaffirmed my desire to become a doctor so that I can provide medical care to the people the world often neglects. I will never forget that this experience was only because of Maa and, I will always be grateful that I was given a chance to be part of it.

# ભારતની અતિ ગરીબાઈનું મારું દર્શન

અંગ્રેજી સંપાદન : **રોશની પટેલ**
ગુજ.અનુવાદ : **તંત્રી**

આપણા જીવનમાં એવી ક્ષણો આવે છે, કે જે બધું જાણ્યું હોય, તે બદલાતું લાગે. તમે જે દુનિયાને જાણો છો, જેની તમે કલ્પના કરી છે ને તેના વિષે વિચાર્યું છે, તેની ધારણા કરતાં તદ્દન જુદી જ જોવા મળે. મેં જ્યારે આ શિયાળામાં અંબાજી ખાતે યોજાનાર મેડિકલ કેમ્પ માટે આસપાસનાં ગામોની અને શાળાઓની મુલાકાત લીધી, ત્યારે મને આવું અનુભવાયું.

કોલેજમાં શિયાળાની છૂટ્ટીની રજાઓ પડી તેના બે દિવસ પછી હું વિદેશથી સ્વર્ગારોહણ આવી. ત્યારે મને ખબર નહિ કે અહીં આવવામાં મારી શું અપેક્ષા છે. મને એટલી જ ખબર હતી કે પૂ. મા તો ત્યાં હશે અને મારે તેમના વિષે વધુ જાણવું હતું. મારા આ પ્રવાસમાં મારી આ ભાવના ફળી. એનો પ્રેમ પૂ. માની જેમ ખરેખર તદ્દન અપેક્ષા રહિત હોય એવી કોઈ વ્યક્તિ આ અગાઉ મને કદી મળી ન હતી. વળી જેમની શારીરિક શક્તિ અને સંકલ્પ શક્તિ તમારી બધાં બારણાઓને વટાવી જાય એટલી બધી પ્રબળ હોવા છતાં, જે તદ્દન નિઃસ્પૃહી હોય. ૨૪ ડીસે. ૨૦૦૬ ના રોજ અંબાજી ખાતે જે મેડિકલ કેમ્પ યોજાયો તેમાં પૂ. માની ગામડાના આ ગરીબો પ્રત્યેની અચળ અનુકંપાયુક્ત ભક્તિ જોઈને હું તો સ્તબ્ધ જ બની ગઈ!

ફ્રી મેડિકલ કેમ્પ શરૂ થયો તેના બે દિવસ પહેલાં કેટલાક મિત્રો સાથે ગામડાંઓમાં લોકોને આ કેમ્પ અંગે જાણ કરવા હું ફરેલી. ગામડામાં કેમ્પ વિષે ચોપાનિયાં તેમ જ બાળકો અને



મોટાઓને ચોકલેટ વગેરે વહેંચી તે શ્રી સ્નેહલભાઈ કહેતા, “ધ્યાનથી સાંભળો. સ્વર્ગારોહણમાં ફ્રી મેડિકલ કેમ્પ થવાનો છે તેમાં આંખ, નાક, કાન, ચામડી કે શરીરનો કોઈ પણ રોગ હોય, તે તપાસાવવા ને દવા લેવા આવે.”

અમે આમ દૂર દૂરના અંદરનાં ગાંડાં સુધી આ કેમ્પ વિષેનો સંદેશો પહોંચાડ્યો. પરંતુ મને સંશય હતો કે ખરેખર કેટલા માણસો આવશે. મને એ જોઈને ભારે આશ્ચર્ય થયું લગભગ ૩૦૦૦ જેટલા માણસો આ સારવારનો લાભ લેવા આવ્યા. સ્વર્ગારોહણના બહારના દરવાજે ખૂબ મોટી કતારો લાગી જે દાક્તરી સારવાર તેમને ઉપલબ્ધ નથી તે મેળવવા કેટલાય લોકો પગે ચાલીને દૂર દૂરથી આવ્યા છે.

મને થયું અરે આટલા બધા માણસોને એક દિવસમાં તપાસી સારવાર આપવાનું શી રીતે બનશે? તે અશક્ય જ લાગતું. આની વ્યવસ્થા કેમ જળવાશે? આ બધા માણસોનો સમાવેશ કેમ કરાશે! પરંતુ પૂ. માની હાજરીમાં આ બધા પ્રશ્નો શમી ગયા. તેઓ ખૂબ ધીરજ અને શાન્તિપૂર્વક કરુણાભાવથી આવી પરિસ્થિતિઓમાં કામ લે છે. તમે પૂ. માની આસપાસ હોવ ત્યારે તમારે એક સારા સ્વયંસેવક બની રહેવું પડે. મેં જોયું કે સ્વયંસેવકો દર્દીઓ જાણે તેમના પરિવારના હોય તે રીતે વર્તન કરતા. દરેક દર્દી નોંધણી ટેબલ આગળ આવતો ત્યાં તેનું નામ, ઠેકાણું ને તેના રોગનો પ્રકાર નોંધવામાં આવતું. તે પછી હું ને મારા મિત્રો તેને યોગ્ય સારવારવાળા દાક્તરો પાસે દોરી જતાં. આ દાક્તરોની ટીમમાં, સર્જનો, સામાન્ય રોગ પરીક્ષકો, આંખ, દાંત, કાન અને ચામડીના દર્દોના જાણકારો, બાળકો ને સ્ત્રીરોગના તેમ જ એક્યુપ્રેસરના નિષ્ણાતો હતા.

દાખલા તરીકે એકવાર આંખના દર્દીને દાક્તર તપાસી લે તે પછી હું તેને બીજા ચશ્માના વિભાગમાં દોરી જાઉં ત્યાં તેમને યોગ્ય નંબર પ્રમાણેના ચશ્મા આપવામાં આવતાં. તેને લીધે તેઓ તેમના જીવનમાં તેઓ ઘણા વખત પછી પહેલીવાર આવું સ્પષ્ટ જોઇ શક્યાં. અરે આ તે કેવી વિડંબના કે પોતે જેને ચાહતાં હોય તે વ્યક્તિ કે વસ્તુને આંખની ક્ષતિને લીધે જોઇ ના શકે! આની હું કલ્પના પણ કરી શકતી નથી. એ સાચું કે આ લોકો પાસે ભૌતિક સંપત્તિની વસ્તુઓ બહુ ઓછી ને દવા કે સારવારના અભાવે લાંબા સમય સુધી દુ:ખ ભોગવવું પડ્યું હોય છતાંય તેઓનું વર્તન મૈત્રીભર્યું હતું. તેઓમાં જે ભલાઇની લાગણી મેં જોઇ તેવી લાગણી મેં અમેરિકાના લોકોમાં નથી જોઇ. તેઓ ભલા પણ ખરા, તેમ જ તમે તેમને જે કંઇ આપો તે બદલ કાયમ આભાર પણ દર્શાવનારા.

હું જાણું છું કે મારા મિત્રોએ આવી દારૂણ ગરીબી અગાઉ કદી નહિ જોઇ હોય. મેડિકલ કેમ્પમાં આ લોકોને જોઇને મને થતું કે મારી પાસેનું બધું જ હું તેમને આપી દઉં. મારી એ ભાવના રહી કે હવે તેમને વધારે કષ્ટ ભોગવવું ના પડે. હું બે વર્ષના બાળક અને તેની માને કદી ભૂલી નહિ શકું. હું જ્યાં સેવા આપતી હતી ત્યાં ચામડીના દાક્તરને તે પોતાના બાળકને બતાવવા આવી હતી. મેં તેને પૂછ્યું કે તેને શું બિમારી છે, અને એ જોઇને કંપારી થઇ ગઇ કે તેના બાળકનો આખો હાથ દાઝી ગયેલો. મને યાદ છે કે મેં જ્યારે તેનો હાથ જોયા ત્યારે તે ભયથી સંકોચાઇ ગઇ. તે પૂરેપૂરા દાઝી ગયેલો અને તે ચેપ લાગવાથી કાળો પડી ગયેલો. આ શી રીતે બન્યું હશે તે હું જાણતી નથી. અને અમે પરસ્પરની ભાષા સમજતાં ન હોવાથી



હું તે જાણી પણ ના શકી. છતાં એ બાળકની માતાના મુખ ઉપર હું ચિન્તાની લાગણી જોઇ શકી. હું તેને સર્જન પાસે લઇ ગઇ. તપાસી તેને રસી ના થાય તેવી દવાઓ આપે અને સૂચવ્યું કે તે અંબાજીની હોસ્પિટલમાં બીજા દિવસે બતાવી આવે. દવાઓ લીધા પછી તે જતી રહી.મેં તેને માટે પછી તપાસ કરી, પણ તે મને જણાઇ નહિ. હું હજી અપેક્ષા રાખું કે તે તેના બાળકને હોસ્પિટલમાં સારવાર માટે બતાવી આવે.

મને એ ઘટના યાદ છે અને મને એની પરિસ્થિતિ અંગે હજી પણ દુ:ખ છે. સંભવ છે કે પોતાના ઘરે કંઇ દવા ના હોવાના કારણે તે કલાકો સુધી ચાલીને મેડિકલ કેમ્પમાં આવી હશે. અરે અમેરિકામાં કોઇ સાધારણ દઝાયું હોય તો તેના પર ચોપડવાનાં પાંચેક જુદાં જુદાં ક્રીમ હોય છે. જ્યારે અહીં આ બાળક પાસે કશું જ નથી. ઘા ધોવા માટેનું સ્વચ્છ પાણી પણ નહિ કે બળતરા ઓછી કરવા માટે મૂકવા જરૂરી બરફ કે પાક ના થાય તેવી દવા અથવા તો ઉપર બાંધવાનો પાટોય નહિ. આ કેમ્પે મને આ બધું વિચારતી કરી દીધી. હું ખરે જ ભાગ્યશાળી કે એવા પરિવારમાં મારો જન્મ થયો જ્યાં મારે આવો કોઇ સંઘર્ષ જ વેઠવો નથી પડ્યો—જેમાં દિવસે ખાવાનાં ફાંફાં હોય અને રાત્રે સૂવા માટે આશ્રય ના હોય.

ત્યારે મને ભાન થયું કે પૂ. માએ લોકોને અને મને કેટલી મોટી ભેટ ધરી છે. લોકોને જ્યારે તેમની તરફ કોઇ ધ્યાન જ આપતું ન હતું, ત્યારે તેમને આશા, પ્રેમ અને સંભાળ આપ્યાં અને મને તેમની સેવા કરવાની સરસ તક આપી. ફક્ત પૂ. માના કારણે જ મને એ જોવા મળ્યું કે કેટલાય લોકો આ દુનિયામાં કશું જ ન હોવા છતાં જીવે છે અને તેમને હું કેવી

રીતે મદદરૂપ થઈ શકું. પ્રભુએ મને જે આપ્યું છે તે બદલ મારે ખરે જ તેનો આભાર માનવો જોઈએ અને એ પણ સ્મરણમાં રાખવું જોઈએ કે કેવી સહેલાઈથી મારી જિંદગી પણ બીજા-ઓની જેમ અભાવગ્રસ્ત બની ગઈ હોત. મેડિકલ કેમ્પમાં ભાગ લેવાને પરિણામે મારી દાક્તર બનીને લોકોની સેવા કરવાની ભાવનાને પુષ્ટિ મળી કારણ કે તે દ્વારા જ જે માણસો ગરીબ ને તરછોડાયેલા છે. તેમને હું દાક્તરી સારવાર આપી શકીશ. જીવનમાં હું ક્યારેય નહિ ભૂલું કે ફક્ત અને ફક્ત પૂ. માના લીધે જ હું આ અનુભવ પામી શકી અને તેમાં સક્રિય ભાગ લેવાની તક મને પ્રાપ્ત થઈ.



# My service at Medical camp

**Gopi Rama**

In Swargarohan I had many wonderful experiences that will never leave my mind, with Maa at the medical camp. I went to Swargarohan and one of the experiences was the Medical camp that Maa had done for the people that needed care. I learned a lot about how Maa cares so much about the little things that go on at the Medical camp. Maa gave all the kids something to do for the Medical camp and I was one of the kids that helped in this event by taking the patients to whatever care they needed to see so that the event could go faster. I saw a lot of people that needed these different kinds of care. As I passed by Maa I noticed that she was passing out Prasad to those people that were done with there check up.

There were so my people that came to this camp and you would see a lot of people with disability of walking, they can't hear right, can't see properly, and not good skin. It felt so good to be there and help with my own hands; it just feels so much better when you are there and seeing everything with your own eyes. Yeah, we all donate money for medical camps

or for any other reasons but it is different when you are actually there and doing your job. I learned that to always help people out and give them that right boost to the right direction. I had a lot of fun in Swargarohan I got to see a different side of Maa that I have never seen. I also got to learn more about Maa when I was there. Thank you Maa for giving us the opportunity to attend this events and letting us realize how the world is and not only thinking about your self. I would like to go back and attend any other events Maa has for us.

Thank you Maa.
Jay Krupalu Maa.



# મેડિકલ કેમ્પમાં મારી સેવા

અંગ્રેજી સંપાદન : **ગોપી રામા**
ગુજ.અનુવાદ : **તંત્રી**

સ્વર્ગારોહણમાં જે ઘણા બધાં અદ્‌ભુત અનુભવો થયા, તે કદી મારા મનમાંથી ભૂસાશે નહિ. ખાસ કરી મેડિકલ કેમ્પમાં પૂ. મા સાથેના હું સ્વર્ગારોહણ આવી ત્યારે પૂ. માએ ગરીબો-ના રોગ નિવારણ માટેનો મેડિકલ કેમ્પ યોજેલો એ પણ એક અનુભવ છે. કેમ્પના આયોજનમાં આવશ્યક એવી નાની નાની બાબતોમાં પણ પૂ. મા કેટલી બધી કાળજી લેતાં તેવી ઘણી બધી વાતો મને શીખવા મળી. આ કેમ્પમાં પૂ. માએ બધા નાનાં બાળકોને પણ કોઇને કોઇ પ્રકારની સેવા સોંપેલી. હું પણ તેમાંની એક હતી. જેમને આવી સેવા મળેલી, મારે ભાગે જે કામ આવેલું તેમાં મારે જે વિભાગનો દર્દી હોય, તેને દોરીને તેની જ્યાં વ્યવસ્થા હોય ત્યાં મૂકી આવવાનું, જેથી ઝડપથી કામગીરી થાય. મેં જોયું કે ઘણા બધા દર્દીઓને—ભિન્ન ભિન્ન પ્રકારની સારવારની આવશ્યકતા હતી. પૂ. મા પાસેથી પસાર થતાં મેં જોયું કે જેમને સારવાર ને દવા મળી ગઇ છે, તેવા દર્દીઓને પૂ. મા પ્રસાદ આપી રહ્યાં છે.

આ કેમ્પમાં ખૂબ માણસો આવેલા, તેમાં કેટલાક માણસો બરાબર ચાલી પણ શકતા ન હતા. તો બીજા કેટલાક પૂરું સાંભળતા ન હતા ને બીજા પૂરું દેખી શકતા પણ નહિ. કેટલાકને વળી ચામડીના રોગ હતા. મને મારા હાથે આ સેવા કરવા મળી, તેથી ઘણું સારું લાગ્યું. એ સાચું છે. આવી બધી વાતો તમે તમારી જાતે હાજર રહીને જોઇને કરો તેનો વિશેષ આનંદ હોય છે.

એ સાચું છે કે વિદેશના માણસો આવા મેડિકલ કેમ્પો અગર બીજી સેવાઓ માટે દાન આપે છે. પણ તમે જ્યારે તેમાં પ્રત્યક્ષ હાજર રહો અને તે સેવાના કામમાં મદદરૂપ થાઓ, તે વાત જ જુદી છે. મને અહીં એ શીખવા મળ્યું કે સાચી દિશામાં સાચી રીતે લોકોને પ્રોત્સાહિત કરવા માટે મદદરૂપ થતાં રહેવું જોઈએ. સ્વર્ગારોહણમાં ખૂબ મઝા આવી, વળી પૂ. માના જીવનનાં એ પાસાં જોવા મળ્યાં જે પહેલાં કદી જોવામાં આવ્યાં ન હતાં. આમ અહીં આવવાથી પૂ. મા વિષે ઘણું જાણવા મળ્યું. આ સેવાના પ્રસંગોમાં હાજર રહેવાની તક મળી તે બદલ હે મા, આપનો ખૂબ આભાર. મને એ પણ ભાન થયું કે આ દુનિયા ખરેખર કેવી છે ને આપણે હંમેશા ફક્ત આપણા માટે જ વિચારવું ના જોઈએ. અમારા જેવાઓ માટે અહીંથી ગયા પછી પૂ. મા આવા બીજા કાર્યોમાં જોડાવા કહેશે તો મને જરૂરથી ગમશે.

પૂ. માનો ખૂબ આભાર.

જય કૃપાળુ મા.



# Swargarohan–an eye opener in my Life

**Bindiya Bhakta**

Jay Krupalu Maa.

No words can fully describe the experiences that I had at Swargarohan this past December (2006). Prior to my first footsteps in Swargarohan, I heard people say that once you are there, you just have a different vibe. To me, it was more than just a different vibe...it was this great experience of peace, serenity, unselfishness, acceptance, forgiveness, love, beauty, friends and realization all at the same time.Being in Swargarohan with Maa and all her followers helped me become a better person.

I had many of my friends and family ask me how my trip to India was, and I honestly said that I didn't want to come back to America just because being with Maa in Swargarohan and being apart of the camp was the best experience of my life. Since it was my dream ever since the 5th grade to help in a medical camp out of the country, this was the best experience ever because I got to experience it with Maa.

What Maa helped me learn is that when we choose to do something, we must do it from our hearts. Things have such greater meaning when one does it willingly. What amazes me is how Maa appreciates the small things in life and how she is very thankful for what she has. She is a very unselfish person who respects people, who do great things for others and are true to themselves. For instance, during the Polio camp there were people who were making the casts and "legs" for the polio patients, daily. They worked all morning and all afternoon, just to make sure that each patient got the best medical attention that they could get. They genuinely did their job from their hearts.

The day that the Polio camp was over, Maa wanted to thank the people who made the casts and "legs". I was assuming that Maa would probably give them Prashad to thank them for all their hard work, but to my surprise Maa went down on her knees and bowed to them. Maa is such a high spiritual being, she does not need to do something like this, yet she did because she wanted the people who did all the hard work to realize that they were the heroes who rescued those patients. I believe that what Maa did was so strong and meaningful that it is something we can all learn from. I noticed how easy it was for Maa



to bow to them yet how hard it is for people like us to genuinely do something from our hearts without asking for something in return.

It is so easy to raise one's own confidene and give oneself a pat on the back, yet it is so hard for people to appreciate others hard work and effort. If Maa is able to be unselfish and respectful, we should truly learn from her actions and thank the people in our lives that help make a difference.

The day of the Medical Camp, I learned how lucky I really was to have all the things I do have in America. What really touched me was when I met this lady in her 30's that had two kids. The lady had joint problems, and had a hard time walking because of it. Her two children had medical problems as well. She wanted to be seen by a doctor, yet she had to walk because that was their only means of getting help for herself and her two children.

I began to bond with her as I talked more and more about her life and her situations. I soon found out that she was extremely poor that her family didn't have any other clothes to wear except for what they had on their backs. I then asked her why they were there to see the doctors. She explained that her son had digestion problems and that they came to the camp to see if she could get help. She further

explained that all he eats is the dirt on the floor because they have no other means of food. It was such a shock to hear this because back in America so many of us just waste our food during each of our meals! If we think about it, the food we waste in one week can easily serve a family for a month in India.

What really changed my view on how hard my life actually was not, was when this same mother told me how thankful she was for her family and God. All I remember was noticing how hard her life was, yet she was still faithful, and still living on. I learned from this lady that the small complaints in life don't really matter yet what matters is God and the people you surround yourselves with.

I noticed that in India, people are so thankful for the small things in life. They give so selflessly. There were so many people in India who had barely and money yet they gave and they gave without even thinking about it. Thanks to my parents and Maa I was able to learn so many lessons and explore India with my heart open. I have been forever changed, and pray that I will always remember my experiences in Swargarohan and always remember that if I have the abillity to do something, I should. Jay Krupalu Maa.

Bindiya Bhakta, Anaheim, Ca, USA



# સ્વર્ગારોહણ—મારા જીવનની આંખ ઉઘાડનાર

અંગ્રેજી સંપાદન : **બિન્દીયા ભક્ત**
ગુજ.અનુવાદ : **તંત્રી**

ગયા ડીસેમ્બર, ૨૦૦૬ માં સ્વર્ગારોહણમાં મને જે અનુભવો થયા. તેને શબ્દોમાં વર્ણવવા શક્ય નથી. સ્વર્ગારોહણમાં મેં પ્રવેશ કર્યો. તે પહેલા મેં લોકોને કહેતાં સાંભળેલું કે જો તમે એકવાર ત્યાં જાઓ તો તમને જુદા જ પ્રકારના સ્પદંનોનો અનુભવ થશે. મારે માટે હું એમ કહું કે એવા સ્પંદનોનો અનુભવ થશે. મારે માટે હું એમ કહું કે એવા સ્પંદનો કરતાં વિશેષ એવા—શાન્તિ, સરલતા, સ્વાર્થહીનતા, સ્વીકાર, ક્ષમા, પ્રેમ, સુંદરતા અને મૈત્રીના—ખૂબ મોટા અનુભવો એક સાથે થયા. પૂ. મા અને એમના અનુયાયીઓ સાથે સ્વર્ગારોહણમાં હોવા માત્રથી જાણે હું સારી વ્યક્તિ બની ગઈ.

મારા ઘણા મિત્રો તેમ જ કુટુમ્બના સભ્યોએ પૂછ્યું કે મારી ભારતયાત્રા કેવી રહી અને મેં પ્રમાણિકતાપૂર્વક તેમને કહ્યું કે સ્વર્ગારોહણમાંથી પૂ. માને છોડીને અને કેમ્પના એક ભાગરૂપ બન્યા પછી જીવનના શ્રેષ્ઠ અનુભવોને છોડીને મને ખરે જ અમેરિકા પાછા આવવાની કોઈ ઈચ્છા ન હતી. હું પાંચમા ધોરણમાં ભણતી ત્યારથી મારું એક સ્વપ્નનું હતું કે અમેરિકા બહારના દેશમાં મેડિકલ કેમ્પમાં સેવા આપવી. એથી પૂ. માના સાન્નિધ્યમાં આવી કેમ્પમાં સેવા કરવાનો સરસ મોકો મળી ગયો.

પૂ. માએ મને એ શીખવામાં મદદ કરી કે જ્યારે પણ આપણે કંઇ કરીએ ત્યારે હૃદયના ઉંડા સાચા ભાવથી કરવું જોઇએ. જ્યારે કોઇ સ્વેચ્છાપૂર્વક સાચા ભાવથી કાંઇ કરે ત્યારે તેનું મહત્ત્વ વધી જાય છે. મને એ જોઇને આશ્ચર્ય થાય છે. જીવનમાંની નાની નાની બાબતોને મા કેવી સરસ રીતે વખાણે છે અને તેમને માટે કેવી આભારની લાગણી વ્યક્ત કરે છે. પૂ. મા ખૂબ નિઃસ્પૃહી છે અને જે લોકો બીજાની સેવાની મોટાં કામો પોતાની જાતને વફાદાર રહીને કરે છે તેમનું સન્માન કરે છે. ઉદાહરણ તરીકે, પોલિયોના કેમ્પમાં જે લોકો પોલિયોના દર્દીઓના પગ માટે બનાવટી પગ તેમ જ તેના બીબાં રોજ બનાવતા. તેઓ સવારથી સાંજ સુધી એકધારું કામ કરતા જેથી આ દર્દીઓને સર્વોત્તમ સેવા મળી રહે. તેઓએ દીલ દઇને પોતાની આ સેવાનું કામ કર્યું.

જે દિવસે પોલિયોના આ કેમ્પની પૂર્ણાહુતિ થઇ તે દિવસે આ કારીગરોનો કદાચ પૂ. મા આભાર માનવા ઇચ્છતાં હતાં. તો મને હતું કે પૂ. મા તેઓએ કરેલ સરસ કામ બદલ પૂ. મા તેમને પ્રસાદ આપશે, પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે પૂ. મા ડાયસ પરથી નીચે ઉતરી આ બધાની પાસે જઇ, તેમને નીચા નમી, પ્રણામ કર્યા. પૂ. મા તો ખૂબ ઉચ્ચ આધ્યાત્મિક વ્યક્તિ છે, તેમને આવું કંઇ કરવાની આવશ્યકતા ન હતી, છતાં તેઓએ તેમ કર્યું, કારણ કે તેઓની એ ભાવના હતી કે આ દર્દીઓ જે સારા થયા, તેમનો મહત્ત્વનો યશ આ કારીગરોની કામગીરીને આભારી હતો. હું માનું છું કે પૂ. માએ જે કર્યું તેમાંથી આપણ બધાને ઘણો બોધપાઠ મળી રહે. મેં જોયું કે પૂ. મા માટે આમ નમન કરવું એ કેટલું સહજ હતું, જ્યારે આપણે માટે



હૃદયપૂર્વક આવું કંઇ, બદલાની કોઇ પણ અપેક્ષા વગર કરવું કેટલું અઘરું છે. સારા કામ કરવા બદલ પોતાની જાતને શાબાશી આપવી એ, બીજાઓએ કરેલા સખત કામ અને પ્રયાસને વખાણવા કરતાં ઘણું સહેલું છે. પૂ. મા જે રીતે નિઃસ્પૃહી અને આદર આપનાર બની શકતા હોય તો આપણા જીવનમાં પરિવર્તન લાવવામાં જેઓએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે, તેમના પ્રતિ આદર દર્શાવવાનું તેઓ આપણને શીખવે છે.

મેડિકલ કેમ્પના દિવસે મને ભાન થયું કે અમેરિકામાં મારે જે જોઇએ તે બધું જ મારી પાસે છે. મને જે વાત ખરે જ સ્પર્શી ગઇ તે એ કે એક ત્રીસેક વર્ષની બેન અને તેનાં બે બાળકોને મારે મળવાનું થયું. આ બેનને ઘૂંટણના સાંધાઓની સમસ્યા હતી, જેથી તેને ચાલતા મુશ્કેલી પડતી તેના બે બાળકોને પણ શારીરિક તકલીફો હતી. તેની ઇચ્છા હતી કે ડોક્ટર તેને તપાસે, પરંતુ કેમ્પ સુધી ચાલીને પહોંચવું તેને માટે અઘરું હતું. તેણે મને કહ્યું કે તેની અને તેના બાળકોની સારવાર માટેની મદદ મેળવવા તેને માટે આ કેમ્પના સ્થળે પહોંચવું જરૂરી છે.

હું જેમ જેમ તેના જીવન અને પરિસ્થિતિ વિષે વધુ ને વધુ વાત કરતી ગઇ, તેમ તેમ મને તેના પ્રત્યે સહાનુભૂતિ થઇ. મને તુરત માલૂમ પડ્યું કે તે ખરે જ ખૂબ ગરીબ છે અને તેના કુટુમ્બ પાસે પહેરેલાં કપડાં સિવાય બીજાં કપડાં પણ નથી. પછી મેં તેને પૂછ્યું કે ડોક્ટરને બતાવવા શું કામ આવ્યાં છે. તેણે મને સમજાવતા કહ્યું કે તેના દીકરાને પેટની બિમારી છે. એથી તેની સારવાર માટે કંઇ મદદ મળી શકે. પોતાના ઘરનું કંઇ પણ ખાવાનું ન હોવાથી આ છોકરો રસ્તા પરનો એઠવાડ ખાય છે, આ સાંભળી મને ભારે આઘાત લાગ્યો, અમે જ્યારે

અમેરિકા પાછા ફરીશું ત્યારે અમારામાંના ઘણા બધા રોજ જમતી વખતે ઘણા બધો બગાડ કરીએ છીએ. એનો જો વિચાર કરીએ તો, ત્યાં અમે અઠવાડિયામાં જેટલા ખોરાકનો બગાડ કરીએ છીએ તેમાંથી અહીં ભારતમાં સહેલાઈથી એક કુટુમ્બનું મહિનાનું પોષણ થઈ શકે.

મારા દૃષ્ટિબિંદુમાં જેણે મોટો બદલાવ આણ્યો તે કે મારા જીવનમાં તો કશી કઠણાઈ નથી, જ્યારે આ માતાએ મને કહ્યું કે તે તેના કુટુમ્બનો ને ભગવાનનો ખરે જ ખૂબ આભાર માને છે. મને જે ખાસ યાદ રહી ગયું કે આ સ્ત્રીના જીવનમાં કેટલી બધી મુશ્કેલીઓ છે, આમ છતાં તે કુટુમ્બ પ્રત્યે વફાદાર છે ને હજી જીવે છે. આ સ્ત્રીના જીવનમાંથી મને એ બોધપાઠ મળ્યો કે જીવનમાં નાની મોટી ફરિયાદો તો ચાલ્યાં જ કરવાની, તેને બહુ મહત્ત્વ ન આપવું. જીવનમાં મહત્ત્વ આપવા જેવી બાબત હોય તો ભગવાન અને તમારી આસપાસ વસતા લોકો છે.

ભારતમાં મેં જોયું કે લોકો જીવનમાં નાની બાબતો અંગે પણ આભાર પ્રદર્શિત કરે છે. તેઓ અપેક્ષા વગર આપતા રહે છે. ભારતમાં એવા કેટલાય લોકો છે કે જેમની પાસે ખાસ પૈસા ન હોવા છતાં તે આપતા રહે છે. કશીય ચિન્તા કર્યા વગર ખરેખર પૂ. મા અને મારા માબાપની હું ખૂબ અહેસાનમંદ છું કે મને ઘણી બધી બાબતો શીખવા મળી અને ખુલ્લા હૃદયથી ભારતને સમજવાની મને તક મળી. તેનાથી હું કાયમ માટે બદલાઈ ગઈ. મને સ્વર્ગારોહણના અનુભવો કાયમ માટે યાદ રહે અને કંઈ કરવાની શક્તિ પ્રભુ મને આપે તો આ દેશ માટે કંઈ કરી છૂટું તે માટે પ્રાર્થના કરું છું.



### ('મા' સર્વેશ્વરીની શૈશવ કથા)

# પોયણું પાંગર્યું

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

સરોજને વાળ ગૂંથતા પણ ના આવડતું એટલે એ કામ પણ સાવિત્રીબહેનને જ કરવું પડતું. રોજ સવારે પોતાના નિત્યક્રમ-માં નાનીબહેનના વાળ ગૂંથવાનું પણ એક કામ પણ હતું. સવારે તે સાત વાગ્યે ચોટલા ગૂંથી દે. એકદમ કઠણ બે ચોટલા ને ઉપર રિબિન બાંધી દે ને પછી તો અમારે રમવાનું જ કામ હોય. એટલે એક નવી રમત પણ અચૂકપણે નિયમિત રમતાં.

અને તે રમત ચોટલા છોડી કાઢવાની. પાંચ—સાત મિનિટ-માં તો સરોજના ચોટલા છૂટી જતા. છૂટા વાળ લઈને તે સાવિત્રીબહેન પાસે પહોંચી જતી ને ફરી ચોટલા તરત જ ગૂંથાવી દેવાની જીદ શરૂ કરતી!

બહેન થાકીકંટાળીને ફરી ચોટલા ગૂંથી દે. ફરી પંદર—વીસ મિનિટ વીતે એટલે ફરી વાળ છૂટા, ફરી જીદ, હઠ! ગમે તે કામ મૂકીને પણ ધાર્યું કરાવતી એ સરોજ કેવી તોફાની હશે. કલ્પના તો કરો!

નિશાળે જવા ૧૦—૪૫ વાગ્યે ઘરેથી નીકળવાનું તો ત્યાં સુધીમાં પાંચથી સાત વાર વાળ છોડી નાંખવાની તોફાની રમત પણ બાળસરોજની સાચી સંગાથી જ હતી ને. એ તોફાની ટેવને પોષવી પડતી બહેનોએ. કારણ કે છૂટા વાળ તો સુઘડતાની નિશાની ના ગણાતી. માટે ફરજિયાત વારે વારે વાળ ગૂંથવા જ પડતા.

જાણે નાનકડી સરોજને વાળનું બંધન પણ ના ફાવતું હોય તેમ વારેવારે વાળને છોડીને વાળને મુક્ત કરવાની મજા માણતી. એ તોફાની ટેવ કેવી નિર્દોષ હતી!

સાવિત્રીબહેનના અભ્યાસમાં, પરીક્ષામાં, ગંભીરતામાં વારેવારે ખલેલ પાડવાની એ મસ્તી. આજે તો લાગે છે કે એ બાળસરોજની ભૂલ હતી. પણ સ્વભાવ જ તોફાની તો તેનો બીજો ઉપાય પણ શો હતો?

સાવિત્રીબહેન વઢતાં ને કહેતાં : 'હવે ચોટલા નથી ગૂંથી આપવાની. જાતે વાળતા શીખ. તારી આ વાત બાપુજીને જ કહી દઇશ. હવે જો વાળ છોડી નાંખે તો તારા વાળ જ કાપી કાઢીશ. બોડી કરી દઇશ.'

પણ એવી વઢની પણ કોઇ અસર ના થતી. બાપુજીનો પણ ડર ના લાગતો. ને વાળ કપાવવાની તો ત્યારે ક્યાં ફેશન હતી? સાવિત્રીબહેન તો વાળ જ સફાચટ કરીને માથું બોડકું કરી નાંખવાની ધમકી આપતાં પણ એ બધાં જ તોફાનો યથાવત્ ચાલુ જ રહ્યાં.

જાણે જીવનનો એ તોફાની યુગ હતો! બાળજીવનમાં કેવાં તોફાનો હોય તેના વર્ણન માટે પણ એ તોફાનો જરૂરી હશે.

ચમકદમક વગરનું તે વળી બાળપણ કહેવાય? બાળપણ તોફાનોથી ધબકતું હોય તો તે આખા જીવનને પણ ધબકતું રાખતું હશે!

તે દિવસોમાં ચલથાણથી બાપુજીનાં બહેનના પૌત્ર શ્રી ઈશ્વરભાઇ અમારી સાથે ભણવા માટે રહેવા આવ્યા. તેઓ દશમા ધોરણમાં અમારી જ નિશાળમાં દાખલ થયા. એમના



અંગ્રેજી વિષયના શિક્ષક શ્રી સત્યેન્દ્ર ડે હતા અને ભૂગોળના શિક્ષક શ્રી જયદેવભાઇ હતા. તે બન્ને એમના મિત્રો પણ હતા.

ડેસાહેબ તો છેક નજીક સામેના રોડ પર રહેતા હતા. એટલે તે તો કદી ઘરે ના આવતા. પણ પેલા જયદેવભાઇ લગભગ રોજ રાતે ઈશ્વરભાઇ જોડે બેસવા આવતા. નિશાળની, રાજકારણની, વિદ્યાર્થીઓની વાતો કરતા. વાતોમાં એકબે કલાક રોજ વિતાવતા. એક આરામખુરશીમાં જ તે બેસતા.

તેમનું શરીર ખૂબ ભારે હતું. કફની ધોતી ને લીલી બંડી તે પહેરતા. તેમના ખિસ્સામાં કાયમ ખાટીમીઠી ટીકડીઓ રહેતી એટલે તે પણ અમને મળતી.

દરરોજ તે આવે ને આગળના રૂમમાં જ આરામખુરશી પર બેસે એટલે સાવિત્રીબહેનને ભણવા, વાંચવા ને લેસન કરવામાં વિક્ષેપ પડતો.

ઈશ્વરભાઇના મિત્ર એટલે તેમને કેવી રીતે ના પાડે? તો સાવિત્રીબહેનના પણ એ શિક્ષક જ હતા એટલે વિદ્યાર્થી તરીકે પણ તેમનાથી કશું ના કહેવાય. અમે સૌ તેમને કહેવા માટે નાનાં પડીએ. દરરોજ આવે ને કલાકો સુધી બેસે એટલે અમે એમનું નામ 'ગુંદરિયાકાકા' પાડેલું. સાવિત્રીબહેન જરા કડક એટલે તેમને તો આ વિક્ષેપ ભારે લાગતો. પરિણામે એક ઉપાય સાવિત્રીબહેને જ શોધી કાઢ્યો ને તે ઉપાય આ સરોજે પાર ઉતાર્યો.

આરામખુરશી એ યોજનાનું સાધન બની. સરોજે શ્રી જયદેવકાકાનો આવવાનો સમય થયો એટલે આરામખુરશીની એક લાકડી કાઢી નાખી ને એનું કાપડ પાછું જેમ હતું તેમ જ રાખી દીધું.

અને જેવા શ્રી જયદેવકાકા આવ્યા ને આરામખુરશી ઉપર બેઠા કે અંદર ફસાઇ ગયા!

અમે તો સાવિત્રીબહેન જોડે અંદરના ઓરડામાં જતાં રહેલાં કાકાને ઈશ્વરભાઈએ જેમતેમ કાઢ્યા, કારણ તેમનું શરીર ઘણું સ્થૂળ હતું.

આ ઉપાય ઈશ્વરભાઇ કે બીજા કોઇ સ્વજન વડીલો ન જાણે એ રીતે અજમાવેલો. બાપુજી જાણે તો તો વઢે.

એ ઉપાય સાવિત્રીબહેનનો અભ્યાસ બગડે માટે જ અજમાવેલો. તેઓ ત્યાર પછી કેટલા દિવસ આવ્યા કે ના આવ્યા તેનું સ્મરણ નથી.

પણ આ સ્મરણ પણ તોફાન વિભાગનું એક પ્રકરણ હતું માટે એનું લેખન પણ કરવું જ પડે ને?

એ ઘરમાં સાવિત્રીબહેન દરરોજ હિસાબ લખવાનું કામ કરતાં. રોજ રાતે ત્રણે બહેનો વચલા ઓરડામાં પલંગ પર બેસે ને પાકીટ, નોટ, પેન હાજર કરી પાકીટના પૈસા ગણતાં. કોણે કેટલા ક્યાં વાપર્યા તેની નોંધ થાય.

કોઇ કોઇ વાર એકબે પૈસા ઘટે એટલે સાવિત્રીબહેને પૂછવું ના પડે. સીધી એમની આંગળી જ સરોજ બાજુ વળે એટલે સરોજે ફક્ત ડોક જ હલાવીને હા પાડવાની એટલે સાવિત્રીબહેન તરત જ તે પૈસા સરોજના નામે ખર્ચમાં લખી દેતાં.

પણ ઘણી વાર કોઇ ખર્ચ થતો પણ બે—ત્રણ દિવસે હિસાબ લખાતો તો ભૂલી જવાતું કે પૈસા ક્યાં ખરચાયા?

પણ પછી તેનો પણ એક સરસ ઉપાય મળી ગયો ને હિસાબનો કાયમ મેળ બેસી જવા માંડ્યો.



એ ઉપાયનાં શોધનાર સાવિત્રીબહેનનાં બહેનપણી જ્યોતિબહેન શુકલ હતાં. તેમણે સરસ વાત કરી. જે જે રકમ સામે ખર્ચની વિગત યાદ ના આવે તો તે રકમ સામે **ભ.ખ.** લખી દેવું એટલે બધો જ મેળ પડી જાય.

આ **ભ.ખ.** સાવિત્રીબહેને પણ હિસાબમાં જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં ત્યાં અપનાવવા માંડ્યું ને હિસાબ સરસ બેસી જવા માંડ્યો.

આ **ભ.ખ.** એટલે **ભગવાનને ખબર.**

ઘરમાં સૌ પ્રામાણિક હતા. એટલે આ **ભ.ખ.** મંત્ર ઉપયોગી થતો પણ એ મંત્ર કોઇ જાહેર સંસ્થા કે અજાણ્યાઓ સાથે એ મંત્ર ઉપયોગી ના ઠરે.

ભગવાનને તો ખબર જ છે કે એ પૈસા કોણે, ક્યારે ક્યાં, કેટલા વાપર્યા એટલે **ભગવાનને ખબર** એ જાણે અમારા એ ઘરનો હિસાબ માટે મહામંત્ર મળી ગયો!

ત્રણે બહેનો ખૂબ પ્રામાણિક હતાં. આ તો ઘરનો જ હિસાબ હતો. માટે એ રીત ત્યાં ઉપયોગી થતી.

**ભગવાનને ખબર** કેવી સરસ રીત હતી! હિસાબમાં હરિસ્મરણને જોડવાની.

દરરોજના જીવનહિસાબમાં શ્રી હરિના સ્મરણને જોડવાની જાણે એ અમૂલ્ય શીખ બાળપણમાં મળી હતી.

(ક્રમશઃ)